Price : 5/-
Total Page : 32

# જાગૃતિ સંદેશ
# JAGRUTI SANDESH

Vol 17 Issue No. 6 - Mumbai JUNE 2017

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર

## ચાતુર્માસ એટલે સાધના-આરાધના અને ઉપાસનાની મોસમ



# જેજેસી જુહુ બીચ

જેજેસી જુહુ બીચના સભ્યોનું "BALI TOURS" ના સહયોગે સફળતાપૂર્વક આગમન થયેલ તે બદલ અમો આપના આભારી છીએ. સાથે "HARMONY TOURS & TRAVELS PVT. LTD." ના પણ અમો આભારી છીએ...

Harmony

TOURS & TRAVELS PVT. LTD.

## Harmony Tours & Travels Pvt. Ltd.

10, Shanti Niketan, 322 Dr. Ambedkar Road,
Matunga (C.Rly), Mumbai 400 019
Maharashtra, India
T: +91 22 24173344/ 24173355/ 2417 3366 (T/F)
C: +91 98202 96794
E: info@harmonytrvls.com
VISIT OUR WEBSITE: www.harmonytrvls.com

International & Domestic Tour Operators

Specialized in Planning & Executing Customized Group, Incentive & Leisure Travel around the world

"Your Dream Comes True with.......Harmony"

જેજેસી જુહુ બીચ

Advt.

**જૈન જાગૃતિ સેન્ટર**
**સેન્ટ્રલ બોર્ડ**

**જાગૃતિ સંદેશ**

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ),
મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી ચંદ્રકાંત એફ. શાહ**



**કેબિનેટ કમિટી**

| | |
|---|---|
| ચેરમેન | : શ્રી સંજય બી. શાહ |
| તા.ભૂ.પૂ.ચેરમેન | : શ્રી રમેશભાઈ જે. મોરબિયા |
| ફાઉન્ડર ચેરમેન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચેરમેન | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી પ્રવીણ એ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી કિશોર એસ. શેઠ |
| સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી અનિલ જી. દોશી |
| | શ્રી વિજય એચ. મહેતા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી રમેશ એમ. સંઘવી |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ-કમિટી**

| | |
|---|---|
| ચેરમેન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચેરમેન | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચેરમેન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | : શ્રી અમિત બી. કોઠારી |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી ધર્મેશ એસ. જૈન | શ્રી રાહુલ એમ. ટિંબડિયા |
| શ્રી અનિલ જી. દોશી | શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

**: ઈન્વાયટી :**

| | |
|---|---|
| શ્રી દિનેશ વી. શાહ | શ્રી કિરણ એચ. શાહ |

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.

**છૂટક મૂલ્ય રૂા.૫/- વાર્ષિક લવાજમ રૂા.૫૦/-**


**Message From The CHAIRMAN.....**



**મારા સ્નેહાળ મિત્રો, ભાઈઓ તથા બહેનો - બાળકો,**

જય જિનેન્દ્ર,

જૈનોનાં પર્વ-ચાતુર્માસનો પ્રારંભ થઈ જશે. પૂ. સાધુ-સાધ્વીજીઓ ઉપાશ્રય-સ્થાનકોમાં ચાર મહિના માટે સ્થિર થઈ જશે. દરેક જૈનો ધર્મમય બની ગયા છે. મારું એવું નિરીક્ષણ છે કે કેટલાક સમયથી યુવાનો-બાળકો વગેરેને ધર્મ પ્રત્યે આકર્ષી ઉપાશ્રયો કે સ્થાનકો સુધી લઈ આવવા અને તેઓને ધર્માભિમુખ કરવા કેટલાક ગુરુદેવો સફળ થયા છે. પહેલાં નિવૃત્ત વયસ્કોથી જ શોભતાં ધર્મસ્થાનકોમાં હવે યુવાનોની હાજરી ધ્યાન ખેંચે છે. આ બહુ સૂચક છે.

ધાર્મિક શિબિરો યુવાધનથી છલકાય છે. યોગ્ય સમયે ઘરે ન પહોંચી શકતા જૈનો માટે મુંબઈ જેવા મહાનગરમાં ચૌવિહાર હાઉસ ખૂલ્યાં છે જ્યાં દરરોજ સેંકડો જૈન યુવાનો ચૌવિહાર કરે છે. આ સૂચવે છે કે વર્તમાનમાં ધર્મનો પ્રભાવ વધ્યો છે. અલગ અલગ પ્રકારની કેટલીય તપસ્યા બહેનો અને બાળકો કરી રહ્યાં છે એવા ઠેરઠેરથી સમાચાર આવી રહ્યા છે. યોગાનુયોગ કહી દઉં કે આ ચાતુર્માસ દરમિયાન માસખમણ કે એથી વધારે ઉગ્ર તપસ્યા કરનાર જેજેસી સભ્યો તેમના પ્રમુખ મારફત સેન્ટ્રલ બોર્ડને નોંધ તથા ફોટો મોકલાવી આપે તો તેની વિગત 'જાગૃતિ સંદેશ'માં આપવામાં આવશે.

એક વાત મારે કરવી છે. કર્મરૂપી આંતરશત્રુને જીતીને સમતા અને જયણા ધારણ કરનાર જૈન છે. એક જ ભગવાન, એક જ ધર્મ, એક ધર્મગ્રંથ (આગમ)ને માનનારા અલ્પસંખ્યક જૈનોમાં આટલા બધા વિવિધ ફાંટા, ફિરકા અને વિરોધાભાસ કેમ છે તે સમજાતું નથી. મૂળમાં જે એક જ હતું તેમાં વિવિધ મતમતાંતર કેમ ઉત્પન્ન થયા તે અભ્યાસ કરવો જરૂરી છે અને અભ્યાસ કરી ફરી એક થવાના ઉપાય શોધી તેનો અમલ કરવો ખૂબ જ આવશ્યક બની ગયું છે. બધા જ ફિરકાઓમાં અનેક ધર્મગુરુઓ આગમ વિશે, મહાવીરસ્વામીના સિદ્ધાંતો વિશે અપાર જ્ઞાન ધરાવે છે, પણ જૈનોને ફરી વાર એક કરવાનો પ્રયત્ન કરવાની વાત આવે ત્યારે કોઈ અંતરાય આવી જાય છે!

જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતોમાં અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદ પૈકી અહિંસા દરેક જૈનોએ જીવનમાં જન્મથી જ સ્થાપિત કરી લીધેલી હોય છે. અહિંસાના આવિષ્કારથી જીવનમાં સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહની ભાવના ઉત્પન્ન થાય

છે.

તે જ રીતે અપરિગ્રહ વિશે પણ જૈન ધર્મમાં નક્કર આલેખન (દર્શન) કરવામાં આવ્યું છે. આવતી કાલ માટે – ભવિષ્ય માટે વિપરીત સંજોગોમાં જીવન ટકાવવા વ્યાવહારિક રીતે વિવેકબુદ્ધિજન્ય પરિગ્રહ ત્યારે જ પાપ બને જ્યારે તેમાં મોહ-માયા-આસક્તિ અને વિવેકહીનતાથી કટ્ટર માલિકીભાવ અભિપ્રેત થાય. જૈન કૂળમાં અહિંસાની જેમ જ અપરિગ્રહ પણ જૈનોના જીવનમાં કંડારાઈ ગયો છે.

જૈન દર્શનનો ત્રીજો આધારસ્તંભ સિદ્ધાંત અનેકાંતવાદ અતિસૂક્ષ્મ માનસશાસ્ત્ર આધારિત છે. ક્ષમાપનાની જેમ જૈન દર્શને વિશ્વને આપેલી અમૂલ્ય ભેટ છે જે વિશ્વને 'વિશ્વશાંતિ' તરફ પ્રેરે છે. સનાતન સત્યને હીરાની જેમ અનેક પાસાં હોય છે. કોઈ પણ વસ્તુવિષય બાબત આપણા મત ઉપરાંત બીજાનો મત કે દૃષ્ટિકોણ પણ સાચા હોઈ શકે તે સ્વીકારી લઈએ તો અવિવેક, પૂર્વગ્રહ, ગજગ્રાહનો કોઈ જ અવકાશ રહેશે નહીં. દરેક જણ બીજાના અભિપ્રાય પ્રત્યે સહિષ્ણુ બને અને જે તે વિષયને બીજાની દૃષ્ટિએ જુએ તો જગત વિશ્વશાંતિના દ્વારે પહોંચી જાય.

આદિકાળથી જૈન તીર્થંકરોએ પ્રરૂપેલા જૈન દર્શનના આ સિદ્ધાંતથી જગત અજાણ હતું. ચિકાગો ખાતે ભરાયેલી વિશ્વ ધર્મ પરિષદમાં શ્રી વીરચંદ ગાંધીએ આ સિદ્ધાંતને પ્રતિપાદિત કર્યો ત્યારે વિશ્વભરમાંથી આવેલા અન્ય ધર્મના ડેલિગેટ્સ આશ્ચર્યચકિત થઈ ગયા અને તેમને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા.

બીજા દિવસે વિશ્વભરનાં અગ્રગણ્ય વર્તમાનપત્રોએ આની નોંધ લીધી ત્યારે વિશ્વને જૈન ધર્મની ફિલોસોફીનો પરિચય થયો.

મારે જે કહેવું છે તે લખવા માટે આટલી પૂર્વભૂમિકા બાંધવી જરૂરી હતી. મારો પ્રશ્ન એ છે કે આપણે એક હોવા છતાં અનેક કેમ છીએ? અને અનેકમાંથી એક થતા કોણ રોકે છે? જગતભરને આપણે જ અનેકાંતવાદનો સંદેશો આપીએ છીએ. એકાંતવાદને જાકારો આપી આપણે વિશ્વને શાંતિ તરફ દોરી જવાનું મિશન હાથ લેવું જોઈએ તેના બદલે આપણે જૈનો મતમતાંતરમાં કેમ અટવાઈ ગયા છીએ!

અભ્યાસ કરીએ તો જાણવા મળે છે કે વિશ્વના દરેક ધર્મમાં, વિચારધારામાં, માન્યતામાં અસંખ્ય મતમતાંતરો છે. હિંદુ ધર્મ સૌથી પ્રાચીન હોવાથી, તેમાં અસંખ્ય ફાટા-પંથ છે. શિવપંથી, વિષ્ણુપંથી, બ્રહ્માપંથી કે શક્તિપંથી અને તેના પણ પેટાફાટાઓ! બુદ્ધ ધર્મના પણ બે મુખ્ય ફિરકા હીનયાન અને મહાયાન, તેવી જ રીતે ખ્રિસ્તી ધર્મમાં પણ રોમન કેથોલિક, સિરિયન અને પ્રોટેસ્ટન્ટ મુખ્ય ફાટા છે અને ઈસ્લામમાં પણ શિયા અને સુન્ની વિશે આપણે જાણીએ છીએ. મતલબ કે વિચારધારામાં ફરક પડે તે કુદરતનો ક્રમ છે.

આપણા જૈનમાં પણ મુખ્ય દિગંબર અને શ્વેતાંબર છે. પંચાંગમાં ગણતરીમાં ફેર હોવાથી તિથિઓ અલગઅલગ દિવસે આવે તે વાજબી નથી. સમતેશિખરજી જેવા યાત્રાસ્થળ માટે કોર્ટમાં જઈ ૫૦/૫૦ વર્ષ સુધી આમનેસામને ઝઘડવું તે જૈનો માટે શોભાસ્પદ નથી. આપણી એકતા તૂટી જાય છે અને આપણો અવાજ રાષ્ટ્રીય તખતા પર બુલંદ બનતો નથી.

માટે જ જૈન જાગૃતિ સેન્ટર જેવી સંસ્થાની અત્યારના સમયમાં ખાસ જરૂર છે જે આ બધા વાડાને ભેદીને એક જ તખતો બનાવે છે. જય હો!

અગાઉના અંકમાં જણાવ્યા મુજબ હાયર ઍજ્યુકેશન અભિયાન-૨૦૧૭ અન્વયે દર મંગળવાર-ગુરુવાર અને શનિવારે એપ્લિકેશન કરનારાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓના ઈન્ટરવ્યૂ લઈને તુરત જ સહાય-ચેક આપવાનું શરૂ થઈ ચૂક્યું છે. બીજા છેડે મુંબઈનાં દરેક સેન્ટરમાં સેન્ટ્રલ બોર્ડ અપીલ લઈને જાય છે તેને સભ્યો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે, પણ અગાઉનાં વર્ષોમાં જે વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવેલી અને હજી તેમનો અભ્યાસ પૂર્ણ નથી થયો તેવા વિદ્યાર્થીઓને આ વર્ષે પણ અભ્યાસ પરિપૂર્ણ કરવા Repeat સહાય આપવાની છે, ઉપરાંત નવી એપ્લિકેશન્સ પણ સહાય માટે આવી રહી છે, તેને પણ Consider કરવાની છે. એ હિસાબે આ વર્ષે આપણને વધારે રકમની જરૂર પડી રહી છે. મારી દરેક સેન્ટરના સભ્યો, પદાધિકારીઓ તથા દાતાઓને વિનંતી છે કે ગયા વર્ષે આપે આપેલા ફાળામાં થોડો વધારો કરીને રકમ મોકલાવશો જેથી આપણું અભિયાન વિનારોક ચાલુ રહે.

લિ. સંજય બી. શાહ
ચૅરમૅન: જે.જે.સી. – સેન્ટ્રલ બોર્ડ

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● અમૃતનગર | : | ૧-૦૫-૧૭ | 'Famous Orchestra (Unplugged) (Priyanku Vaidya)' - ઓર્કેસ્ટ્રા | ★ |
| | : | ૧૧-૦૫-૧૭ | 'વહુ Hi-fi સાસુ Wi-fi' - નાટક | ◈ |
| ● બોરીવલી | : | ૧૬-૦૫-૧૭ | 'Bye Bye Kahu Ke Aav Bhai Kahu' - નાટક | ◈ |
| ● ભાંડુપ વિક્રોલી | : | ૧૨-૦૫-૧૭ | 'Bye Bye Kahu Ke Aav Bhai Kahu' - નાટક | ★ |
| ● ધ્રાંગધ્રા | : | ૧૮-૦૩-૧૭ | 'યુગપુરુષ' - નાટક | ★ |
| | : | ૧૫-૦૪-૧૭ | 'મેલોડી અંતાક્ષરી' - ગેમ શો | ★ |
| ● ગોલ્ડન ગારોડિયા | : | ૧૨-૦૫-૧૭ | 'Bye Bye Kahu Ke Aav Bhai Kahu' - નાટક | ★ |
| | : | ૨૭-૦૫-૧૭ | આવાજ કે દુનિયા - ઓર્કેસ્ટ્રા | ◈ |
| ● ગોંડલ | : | ૧૪-૦૫-૧૭ | 'બાહુબલી-૨' - ફિલ્મ | ★ |
| | : | ૨૩-૦૪-૧૭ | ગેટ ટુ ગેધર | ★ |
| ● ગોંડલ (લેડીઝ વીંગ) | : | ૧૫-૦૫-૧૭ | 'વાનગી સ્પર્ધા' - હરીફાઈ | ★ |
| ● જામનગર | : | ૨૮-૦૪-૧૭ | 'હાસ્યનો ધરતીકંપ' - હાસ્ય દરબાર | ★ |
| | : | ૧૮-૦૫-૧૭ | 'સાસુ વહુંની ટ્વેન્ટી ટ્વેન્ટી' - નાટક | ◈ |
| | : | ૧૯-૦૫-૧૭ | 'મ્યુઝીકલ શો' - ઓર્કેસ્ટ્રા | ◈ |
| ● જેમ જગડુશા | : | ૦૬-૦૫-૧૭ | 'તમસ' - નાટક | ◈ |
| ● જેજેસી-જુહુ બીચ | : | ૧૭-૦૫-૧૭ | Once upon in time in ગુજરાતી - ઓર્કેસ્ટ્રા | ★ |
| | : | ૨૩-૦૫-૧૭ | 'Bye Bye Kahu Ke Aav Bhai Kahu' - નાટક | ◈ |
| ● જેજેસી-ચેમ્બુર | : | ૧૫-૦૫-૧૭ | Love you બ્યુટીફુલ - નાટક | ★ |
| ● જેજેસી-વિલેપાર્લે | : | ૭-૦૫-૧૭ | 'બાહુબલી-૨' - ફિલ્મ | ◈ |
| | : | ૧૫-૦૫-૧૭ | 'તમસ' - નાટક | ◈ |
| | : | ૩૧-૦૫-૧૭ | 'મી. એન્ડ મીસીસ બારોટ' - નાટક | ★ |
| ● જુહુ | : | ૨-૦૫-૧૭ | ધ વેઇટિંગ રૂમ - નાટક | ◈ |
| | : | ૪-૦૫-૧૭ | બાહુબલી - ૨ - ફિલ્મ | ✦ |
| | : | ૧૦-૦૫-૧૭ | પ્લેબેક સીંગર - તૃપ્તી સિંહા, કોમેડી સુનિલ પાલ - ઓર્કેસ્ટ્રા | ◈ |
| | : | ૧૨-૦૫-૧૭ | રોક એન્ડ રોલ - ઓર્કેસ્ટ્રા (હર્ષિત ચંદારાણ અને ઈન્દ્રાણી ભટ્ટાચાર્ય) | ★ |
| | : | ૧૪-૦૫-૧૭ | સરકાર - ફિલ્મ | ✦ |
| | : | ૨૧-૦૫-૧૭ | ડિસ્કો નશા - ઓર્કેસ્ટ્રા | ◈ |
| | : | ૩૦-૦૫-૧૭ | હિંદી મીડીયમ - ફિલ્મ | ◈ |
| ● કલાનગરી (લેડીઝ વીંગ) વડોદરા | : | ૨૫-૦૪-૧૭ | 'હાઉસી ગેમ શો' | ★ |

| | | | | |
|---|---|---|---|---|
| ● કર્ણાવતી અમદાવાદ | : | ૧૬-૦૪-૧૭ | 'ગેટ ટુ ગેધર' | * |
| ● મલાડ | : | ૨૬-૦૫-૧૭ | 'વહુ Hi-fi સાસુ Wi-fi' - નાટક | ◈ |
| ● મુંબઈ | : | ૨૩-૦૫-૧૭ | 'પાંખ વિનાનું પતંગિયુ' - નાટક | ◈ |
| | : | ૨-૦૫-૧૭ | 'Bye Bye Kahu Ke Aav Bhai Kahu' - નાટક | ◈ |
| ● મુંબઈ (લેડીઝ વીંગ) | : | ૯-૦૫-૧૭ | આવાજ કે દુનિયા - ઓર્કેસ્ટ્રા | ◈ |
| ● નૉથ ઈસ્ટ | : | ૫-૦૫-૧૭ | તમસ - નાટક | ◈ |
| ● નૉર્થ વેસ્ટ | : | ૨૪-૦૪-૧૭ | 'વન્સ અપોન એ ટાઈમ ઈન ગુજરાતી' - ઓર્કેસ્ટ્રા | ◈ |
| ● નવી મુંબઈ | : | ૧૮-૦૫-૧૭ | પ્રેમનું Paytm - નાટક | ◈ |
| ● પેડર રોડ | : | ૭-૦૫-૧૭ | 'બાહુબલી-૨' - ફિલ્મ | ◈ |
| | : | ૧૩-૦૫-૧૭ | 'A Rocking Performer' - મ્યુઝીકલ શો Son of Sardar Diler Mehndi) | * |
| | : | ૨૦-૦૫-૧૭ | 'Kal Ho Naa Ho' - ઓર્કેસ્ટ્રા | ◈ |
| ● રૉયલ જગડુશા | : | ૦૮-૦૫-૧૭ | 'તમસ' - નાટક | ◈ |
| | : | ૧૨-૦૫-૧૭ | કહો પૂનમના ચાંદ - ઓર્કેસ્ટ્રા | * |
| ● રજવાડી | : | ૦૪-૦૫-૧૭ | 'તમસ' - નાટક | ◈ |
| | : | ૨૭-૦૫-૧૭ | 'આવાજ કી દુનિયા' - ઓર્કેસ્ટ્રા | ◈ |
| ● સાયન માટુંગા | : | ૧૫-૦૪-૧૭ | 'Soulful Symphony' - ઓર્કેસ્ટ્રા | ◈ |
| | : | ૨૦-૦૪-૧૭ | 'સુપરસ્ટાર' - ફિલ્મ | ◈ |
| ● સૂર્યપુર સૂરત | : | ૭-૦૫-૧૭ | 'બાહુબલી - ૨' - ફિલ્મ | ◈ |
| ● શિવાજી પાર્ક | : | ૧૯-૦૫-૧૭ | હા પાડે તો કંકોત્રી ના પાડે તો ગંગોત્રી - નાટક | ◈ |
| ● વસઈ | : | ૧૨-૦૫-૧૭ | 'પાંખ વિનાનું પતંગિયું' - નાટક | ◈ |
| ● વાશી | : | ૧૭-૦૪-૧૭ | 'લેડીઝ સ્પેશિયલ' | ◈ |
| | : | ૨૭-૦૪-૧૭ | 'નમો નચાવે એને કોણ બચાવે' - નાટક | ◈ |
| ● વાપી | : | ૧૩-૦૫-૧૭ | 'Bye Bye Kahu Ke Aav Bhai Kahu' - નાટક | ◈ |
| | : | ૨૮-૦૫-૧૭ | Icecream Mela with Fun Casino - ગેઈમ શો | ◈ |

સંજ્ઞા : જમણ સાથે * જમણ વિના ◈ નાસ્તો ✦

**દરેક સેન્ટરના પ્રમુખ તથા સેક્રેટરીને આથી જાણ કરવામાં આવે છે કે દરેક કાર્યક્રમ પત્યા પછી તુરંત જ સર્ક્યુલર તથા ઈ-મેઈલ સેન્ટ્રલ બૉર્ડની ઑફિસમાં પહોંચાડવામાં આવશે તો જ ત્યાર પછીના ઈસ્યૂમાં છાપવામાં આવશે.**

જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા નીચેનાં સર્વે સેન્ટરો તથા સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે

| Sr.No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Surendranagar | 05-07-1985 | Nilesh Shah | 9429483933 | Hemant Sanghvi | 9825909391 |
| 2 | Ladies Wing Surendranagar | 06-07-2008 | Smita Shah | 9427088979 | Leena Maniyar | 9898118168 |
| 3 | Ellisbridge | 07-07-1996 | Sanat Shah | 9426552045 | Dinesh Shah | 9374003601 |
| 4 | Kalol | 07-07-1996 | Dinesh Shah | 9825952900 | Paresh Sheth | 9825090062 |
| 5 | Umbergaon | 07-07-2012 | Ashwin Sanghvi | 9825494255 | Hitendra Shah | 9824377661 |
| 6 | Morbi | 12-07-1997 | Jiten Doshi | 9825259185 | Shirish Doshi | 9327545145 |
| 7 | Ladies Wing Morbi | 12-07-2015 | Khyati Sheth | 9825800424 | Nita Doshi | 9408187521 |
| 8 | Ladies Wing Mehsana | 13-07-1997 | Kashmira Harde | 9428960333 | Asha Shah | 9712989018 |
| 9 | Anjar | 14-07-2002 | Danny Shah | 9825227740 | Paras Shah | 9898028204 |
| 10 | Kalanagari Vadodara | 16-07-1995 | Dinesh Nanavati | 9825711750 | Bharat Shah | 9824388990 |
| 11 | Gadhada | 16-07-2000 | Piyush Shah | 9408467765 | Gunvant Somani | 9824026275 |
| 12 | Palitana | 17-07-1999 | Bipin Parekh | 9825480875 | Prasant Maniyar | 9328220147 |
| 13 | Ranpur | 17-07-1999 | Rajesh Shah | 9427338015 | Prakash Sheth | 9426030209 |
| 14 | Ladies Wing Kalanagari Vadodara | 24-07-2011 | Jyotsna Shah | 9033007633 | Vina Shah | 9824661877 |
| 15 | Vile Parle | 26-07-1975 | Rahul Timbadia | 9324982792 | Chandrakant Doshi | 9892166578 |

## JJC CENTRAL BOARD

| Sr. No. | Name | Date of Birth | Mobile No. | Email ID |
|---|---|---|---|---|
| 1 | Uday D. Sanghvi | 21-07-1969 | 9820013861 | udaysanghvi@gmail.com |
| 2 | Vijay H. Mehta | 23-07-1957 | 9826897956 | mehtavijaybhai1@gmail.com |

# JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD & CHARITABLE TRUST

## Important Programmes / Events by JJC Centres : 2017-18

| DATE | DAY | FUNCTION | PLACE | TIME |
|---|---|---|---|---|
| 19-06-2017 | Monday | JJC Malad Education Appeal | Aspee Hall | |
| 28-06-2017 | Wednesday | JJC Borivali Education Appeal | Bhaidas Hall | |
| 10-07-2017 | Monday | JJC Navi Mumbai Education Appeal | | |
| 21-07-2017 | Friday | JJC Shivaji Park Education Appeal | Y.B. Chavan Hall | |
| 01-08-2017 | Tuesday | JJC Kandivali Education Appeal | Bhaidas Hall | |
| 02-08-2017 | Wednesday | JJC North East Education Appeal | Zaverben Hall | 10.30 p.m. |
| 04-08-2017 | Friday | JJC Ladies Wing Central Mumbai Education Appeal | Damodar Hall | 03.00p.m. |
| 06-08-2017 | Sunday | JJC Vapi Education Appeal | | |
| 08-08-2017 | Tuesday | JJC North West Education Appeal | Zaverben Hall | 10.30 p.m. |
| 09-08-2017 | Wednesday | JJC Royale Jagdusha Education Appeal | Zaverben Hall | 10.30 p.m. |
| 10-08-2017 | Thursday | JJC Gem Jagdusha Education Appeal | Zaverben Hall | 10.30 p.m. |
| 14-08-2017 | Monday | JJC Chembur Education Appeal | Zaverben Hall | |
| 10-09-2017 | Sunday | JJC Mumbai Education Appeal | Birla Matushree Hall | |
| 26-11-2017 | Sunday | JJC Surendranagar Samuh Lagna | | |
| 26-11-2017 | Sunday | JJC Sayajinagari Vadodara Yuva Mela | | |
| 09-12-2017 | Saturday | JJC Central Board Samuh Lagna | | |

# ૨૩મો સમૂહલગ્નોત્સવ

## જેજેસી-સેન્ટ્રલ બોર્ડ

### જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા

### આયોજન

**શનિવાર, તા. ૯-૧૨-૨૦૧૭ના રોજ,**
**બોરીવલીમાં નક્કી કરવામાં આવેલ છે.**
**વહેલા તે પહેલાના ધોરણે ૨૧ યુગલોને લેવાનાં છે.**
**વડીલોને ખાસ સૂચના કે વહેલી તકે જેજેસી ઑફિસમાં સંપર્ક કરવા નમ્ર વિનંતી.**
**૨૦૧, માથારુ આર્કેડ, સુભાષ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭.**
**ટે. નં. ૬૫૭૨૬૬૩૬ ટેલિફૅક્સઃ ૬૬૯૭૩૦૩૮**

**Email: admin@jainjagruti.com । Website: www.jainjagruti.com**

# સબકો શિક્ષણ દે ભગવાન (જે.જે.સી.નો કિર્તી કળશ)

■ કિરણ શાહ - Past Chairman

દુનિયાના દરેક ધર્મના કેટલાક આગવા સિદ્ધાંતો છે,

જેમ કે,

હિન્દુઃ સદાચાર, પરોપકાર

ઈસ્લામઃ એકેશ્વરવાદ, બંધુત્વ, સમાનતા, બંદગી

જૈનઃ અહિંસા, અપરિગ્રહ, અનેકાંતવાદ

શીખઃ ભક્તિ, સમર્પણભાવના

જૈન શાસ્ત્રના અપરિગ્રહના નિયમમાં દાનનું ખાસ મહત્વ છે. દાનમાં જ્ઞાનદાન સર્વશ્રેષ્ઠ છે. કારણ કે એ ક્યારે પણ ઓછું થતું નથી અપરિગ્રહમાં આપણી તિજોરીની ચાવી સર્વદા ખુલ્લી રાખવાનું સૂચન છે. શ્રી હરિભાઈ કોઠારી કહે છે જરૂરિયાતમંદ માટે તિજોરીની બારી ખુલ્લી રાખનાર શ્રીમંત માણસ છે. દાન આપવું એ મહાન કામ છે. દાન આપવાથી જીવનમાં દેવત્વનું પ્રગટીકરણ થાય છે. બે હાથ જોડો એના કરતાં એક હાથ દાન આપવા માટે લંબાવવો તો એ પણ એક પ્રાર્થના છે. દાન ક્યાં ન આપવું તે સમજાય તો દાન ક્યાં આપવું તે પણ સમજાય. જે દાનમાં એના સ્વીકારનાર ને પગભર બનાવવાનો પ્રયાસ ન થયો હોય તે દાન હંમેશા નુકસાનકારક હોય છે. Charity is injurious unless it helps the recipient to become independent of it. ટૂંકમાં જે દાનમાં માણસને પગભર બનાવવાનો પ્રયાસ ન થયો હોય તેવું દાન કનિષ્ઠ પ્રકારનું હોય છે, અને એટલે જ જ્ઞાનદાન એ મહાનદાન છે.

''શિક્ષણ થકી જ સાચું ઘડતર થઈ શકે છે
પોતાના પગ ઉપર એ પગભર થઈ શકે છે''

ઉચ્ચ શિક્ષણ અભિયાન એ જે.જે.સી.નો સરતાજ પ્રોજેક્ટ છે. જે.જે.સી.ની Distribution System સૌથી સુદંર છે કારણ કે એના ૧૭૫ સેન્ટરો ગામેગામ છે અને તેના કમિટિ સભ્યોને સહારે તેઓ સાધર્મિક વિદ્યાર્થીના Direct સંપર્કમાં રહે છે. જે.જે.સી. ૨૪.૭ કાર્ય કરે છે. J.J.C. = Let's get it done. જે.જે.સી માણસાઈનું મિલનતીર્થ છે કારણ કે For J.J.C. OPPORTUNITY NEVER SLEEPS.

HOPE NEVER SLEEPS
CAUSE NEVER SLEEPS
ASPIRATION NEVER SLEEPS

જે.જે.સી.નો હેતુ છેઃ પ્રેમ

જે.જે.સી.નો હેતુ છેઃ સર્જન

જે.જે.સી.નો હેતુ છેઃ સમજણ

જે.જે.સી.નો હેતુ છેઃ સહયોગ

અને એટલે જ જે.જે.સી.ના પ્રેમ, સમજણ, અને સહયોગથી જે.જે.સી.ના ઉચ્ચશિક્ષણ અભિયાનનું સર્જન થયું છે અને સમયાંતરે એ અભિયાન જે.જે.સી.ની આગવી ઓળખ બની છે. જે.જે.સી માને છે કે માનવતાથી મોટો કોઈ ધર્મ નથી અને ઈન્સાનિયતથી મોટી કોઈ ઈબાદત નથી. ''આસમાં કા ખુદા કોઈ ભી હો, ધરતી કા ખુદા ઈન્સાન હૈ''. દુનિયાનો ખરો ધર્મ એક જ છે ''સમતા''. જગતમાં જીવતું જાગતું દૈવત એક જ છે ''માનવતા'' જે.જે.સી માને છે કે જ્ઞાનસાધના એ ભગવાનની આજ્ઞા છે. વિશ્વમાં ઠેરઠેર માનવતાની પરબો ચાલતી હોય છે, જે.જે.સી માટે આ શિક્ષણ અભિયાન જે.જે.સી.ની પરબ છે.

સંકુચિત હૃદય પણ એક પ્રકારનો હૃદયરોગ છે. આપણા હૃદયમાં જો ઉદારતા ન હોય તો નક્કી જાણજો કે ખરાબમાં ખરાબ પ્રકારનો હૃદયરોગ તમને થયો છે. ભગવાને આપણને જે આપ્યું છે તે ભેગું કરવા અને તેનો ઉપભોગ કરવા માટે નહિં પણ એટલા માટે કે તમે તેને સત્પાત્રો ને વહેંચી શકો અને તેને તમે અનેકગણું વધતા તમારી આંખે જ જોઈ શકો.

''બનો ધનવાન તો ધન વાપરી લેજો ભલાઈમાં
ગરીબોનોય હિસ્સો છે તમારી કમાઈમાં''

ભગવાન પૈસો દુઃખીઓના આંસુ લૂછવા માટે આપે છે.

''રહે ભાવના એવી મારી, સરળ, સત્ય વ્યવહાર કરું
બને તેટલું જીવનમાં પરોપકારનું કામ કરું''

જીવનમાં મનુષ્યને સૌથી વધારે આનંદ ક્યારે મળે

છે? જ્યારે જ્યારે એ બીજા માટે ઘસાઈ છૂટે છે ત્યારે એ સુખની ટોચ ઉપર હોય છે. ક્યારેક એક અજાણ્યું સ્મિત જીવનની બધી અઘૂરપ ઓગાળી નાખે છે. અને એટલા માટે જ J.J.C. belives that hands that helps are much more holier than lips that pray, J.J.C.. belives that humanity is our God and Social Service is our Religion, J.J.C. belives that happiness is product of social service and that is why J.J.C. is a factory manufacturing happiness.

અત્યારે વિશ્વમાં એક શાંત, વૈચારિક ક્રાંતિ ચાલી રહી છે. Age of Industrilization પૂરી થઈ છે અને Age of Information કદાચ પૂરી થવા આવી છે અને હવે Age of creativity આવી રહી છે. આવા સમયે જો આપણે આપણા બાળકોને Super-Speciality Education નહીં આપીએ તો ભવિષ્યની પ્રજા આપણાને માફ નહીં કરે.

કોઈ મનથી તો કોઈ ધનથી સમાજલક્ષી કાર્ય કરે છે, પણ જે.જે.સી. તો મનથી, ધનથી, સમયથી અને સાથે સાથે એમાં સમજદારીનો સુમેળ કરીને સમાજની સેવા કરવાનો શિક્ષણ યજ્ઞનો પ્રારંભ કર્યો છે. આ યજ્ઞમાં દરેક સભ્યે યથામતિ અને યથાશક્તિ આહુતિ આપવાની છે. After all we can't help everyone, But everyone can help someone. Measure of Life is not its Duration But Donation. The orient philosopher says "What I gave I held, what I spent I had, what I kept, I lost"

...and please belive us Everybody had opinion But in J.J.C. we have CONVICTION.

# વાણી એક અદ્ભુત શક્તિ

''હે ભગવાન આ બાજુવાળાં લતાબહેન સવારના પહોરમાં કંઈ બોલે નહિ તો સારું! આજે મારો ઈન્ટરવ્યુ છે. એ બહુ કાળવાણીના છે.'' લતેશ બબડતો જતો હતો. વાણીનો અર્થ બોલવું, ભાષા, બોલી એમ થાય. લતેશને ઘણી બધીવાર એમ લાગતું કે કોઈપણ કામ માટે લતાબહેનને હંમેશા કંઈ આડું કે વિરુદ્ધ બોલવા જોઈએ અને તે કામ હંમેશા લતાબહેનના બોલવા મુજબ થતું એટલે લતેશના મગજમાં લતાબહેન બોલે તે કાળવાણી જ લાગે.

ભવિષ્યની અશુભ વાત ઉચ્ચારાય તેને કાળ વાણી કહે છે. ઘણાં લોકો એવાં હોય કે જે હંમેશા કડવી લાગે તેવી વાત પહેલાં કરતાં હોય. શાંતિથી અને ધીમે બોલતા લોકોની વાણી મૃદુવાણી કહેવાય છે.

વાણી ઉપર શબ્દોનો ઘણો પ્રભાવ પડે છે. કેવાં શબ્દ વાપર્યા છે તે ઘણું મહત્વ ધરાવે છે અને વાપરેલાં શબ્દ વ્યક્તિની વિચારધારા છતી કરે છે. ઉચ્ચરાયેલી વાણી પરથી વ્યક્તિનું વર્તન પણ સમજી શકાય છે. વાણી અને વર્તન એકબીજા સાથે સંકળાયેલ છે. કર્કશ વાણી માથું પકવી દે છે. બોધક વાણી કોઈપણ વ્યક્તિના દિલમાં અજવાળું પાથરી દે છે અને હૈયે ટાઢક આપે છે. ફાધર વાલેસ એટલે જ કહે છે કે, ''મારી બોલવાની રીત એ મારી ઓળખાણનું પ્રબળ સાધન છે.'' મારી વાણી, મારી બોલવાની રીત એ મારી ઓળખાણનું પ્રબળ સાધન છે.'' વાપરેલી ભાષા દ્વારા વ્યક્તિનું વ્યક્તિત્વ છતું થાય છે.

મૌન અને વાણી પર સંયમનું સંતુલન રાખવું બહુ જરૂરી છે. વપરાયેલા દરેક શબ્દનો ચોક્કસ અર્થ હોય છે અને એ અર્થનો આદર કરી જાણીએ તો સંતુલન જળવાઈ રહે છે. માત્ર જીભથી બોલી જઈએ તો કામ ના રહે, પણ તેમાં વપરાયેલાં શબ્દનો સદુપયોગ થવો જરૂરી છે. તે શબ્દ પર વિચાર કરવો એટલો જ અગત્યનો બની રહે છે.

ક્યારેય વિચારીએ કે જો આપણા જીવનમાં વાણી ના હોય તો શું થાય? વાણી એ તો આપણને મળેલી એક અદ્ભુત શક્તિ છે. માટે વાણીનો ઉપયોગ ખુબ સંતુલ જાળવી, વિચારીને કરવો જોઈએ. વાણીનો વ્યભિચાર ના હોય, એક અમન્યા હોય.

*- સાભાર*

# 'અમનનું સરનામું'

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન વિશાળ મેદની જેમાં બુદ્ધિજીવી સમાજ પણ સાંભળવા ઉત્સુક હતો. પ્રવચનની શરૂઆતમાં ઘણા લોકોની માત્ર જીભ જ બોલતી હોય છે, જીવનમાં કાંઈ ઠેકાણા નથી હોતા, જ્યારે આ ગુરુદેવશ્રીની જીભ પણ બોલે છે. સાથોસાથ જીવન પણ બોલે છે. એમનું પ્રવચન મનને તથા આત્માને ગમે તેવું છે. યાવત્ જીવન પરિવર્તન કરે તેવું છે...

પ્રવચનની શરૂઆતમાં દૃષ્ટાંત આપતાં પૂજ્યશ્રીએ કહ્યું કે, માણસે પ્રભુને પ્રશ્ન પૂછ્યો કે... પ્રભુ! આપ મને શું સહાય કરશો? ત્યારે ભગવાને કહ્યું, તારા જીવનમાં જ્યારે પણ કટોકટી આવશે ત્યારે હું હાજર થઈ જઈશ, પોતે ૧૦મે માળે રહેતો હતો. અચાનક ગૅલરીમાંથી પડ્યો ૮,૭,૬,૫,૪,૩,૨ માળ સુધી પહોંચ્યો છતાં ભગવાન બચાવવા ન આવ્યા ત્યારે બે મકાન વચ્ચે એક દોરડું હતું એ દોરડું પેલા માણસે પકડી લીધું.. એણે ભગવાનને યાદ કર્યા, પ્રભુ! તમે ક્યાં હતા? ત્યારે પ્રભુએ કહ્યું કે હું તને નીચે લેવા માટે તૈયાર ઊભો હતો, પણ તને મારા પર વિશ્વાસ ન બેઠો માટે તેં દોરડું પકડી લીધું, બાકી તને પકડવા માટે હું નીચે ઊભો જ હતો. આ સંસારમાં પ્રભુ આપણને બચાવવા તૈયાર છે, પરંતુ આપણે ત્રણ દોરડા પકડી લીધા છે. (૧) પૈસાનું (૨) બુદ્ધિનું (૩) સફળતાનું... પૈસાએ તમને અહંકારી બનાવ્યા છે, બુદ્ધિએ તમને નાસ્તિક બનાવ્યા છે અને સફળતાએ તમને બીજાની ઉપેક્ષા કરતા બનાવ્યા છે. આજે અમનનું સરનામું એટલે કે જીવનમાં શાંતિ અને પ્રસન્નતાની વાત કરવાની છે. હું જિંદગીમાં એક પણ વાર પ્રાર્થનાસભામાં નથી ગયો... પ્રાર્થના સભામાં લોકો એક વાત ખાસ કરે છે. સ્વર્ગસ્થનો આત્મા જ્યાં પણ ગયો હોય ત્યાં એને શાંતિ મળે! એક વાર મેં એક જણને બોલાવીને પૂછ્યું તમે એમ કેમ નથી બોલતા કે સ્વર્ગસ્થનો આત્મા જ્યાં પણ ગયો હોય ત્યાં એને ગાડી-બંગલા, પત્ની-પુત્ર-પરિવાર મળે! સાહેબ! આ બધું તો અહીં હતું જ. માત્ર શાંતિ જ નહોતી માટે અમો એ માગીએ છીએ! મર્યા પછી શાંતિની વાત નથી કરવી. અહીં જીવતા જ શાંતિ કેવી રીતે મળે એની વાત મારે કરવી છે. ચાર કારણે તમે ઘરની બહાર નીકળો છો : (૧) પ્રભુનાં દર્શન-પૂજા કરવા માટે (૨) પ્રેમ સક્રિય કરવા માટે (૩) પીડા માટે અને (૪) પ્રલોભન માટે... તમે આજે અહીં બધા ભેગા થયા છો શેના માટે? સભા પીડાના કારણે... તો આજે તમને મારે પાંચ વાત કરવી છે.

૧) સેન્ટર ઑફ લાઈફ! એટલે કે તમારા જીવનનું લક્ષ્ય શું? કેન્દ્રબિંદું શું?
૨) કેરેક્ટર ઑફ લાઈફ! ચારિત્ર કેવું? સદાચારમય ખરું?
૩) કૉન્ટ્રિબ્યુશન ઑફ લાઈફ! તમારું પોતાનું યોગદાન શું?
૪) કમ્યુનિકેશન ઑફ લાઈફ! તમારા જીવનનો વ્યવહાર કેવો?
૫) કમ્યુનિટી ઑફ લાઈફ! તમારી દોસ્તી કોની સાથે છે.

૧ઃ તમારું સર્કલ શું છે એ નથી પૂછતો, પરંતુ તમારું સેન્ટર ક્યાં છે એ પૂછ્યું છે... મને સારી ચીજ મળવી જોઈએ... મારે સારું કરવું જોઈએ... આ બન્ને કરતાંય વધારે મહત્ત્વનું છે મારે સારા બનવું જોઈએ... આ સેન્ટર છે... સારા પૈસા, સારું ઘર... સારી પત્ની... સારી નોકરી મળી જાય એટલા માત્રથી પતી જાય તેમ નથી. સારા બનવું પણ પડશે... દૃષ્ટાંત આપતાં આચાર્યશ્રીએ કહ્યું કે બે શ્રીમંતના છોકરા ચર્ચા કરતા હતા. એક જણ કહે, બે વર્ષ પહેલાં મારા પિતાજી ગુજરી ગયા તે ચાર કરોડ રૂપિયા છોડીને ગયા... બીજો કહે મારા પિતાજી છ મહિના પહેલાં ગુજરી ગયા તે સાત કરોડ રૂપિયા છોડીને ગયા... આ બન્નેની ચર્ચા સાંભળીને ગરીબના બે છોકરા હસવા લાગ્યા... આ બન્ને ઉલ્લુના પઠા છે... આ સાંભળી શ્રીમંતના છોકરાને ગુસ્સો આવ્યો... એય, અહીં આવો... શું બોલ્યા? તું કહે છે કે

મારો બાપ ચાર કરોડ રૂપિયા છોડીને ગયો, તું કહે છે કે મારો બાપ સાત કરોડ રૂપિયા છોડીને ગયો... જ્યારે અમારા બન્નેના બાપા આખી દુનિયા છોડીના ગયા...! તમારે બધું જ મેળવી લીધા પછી કરવું છે શું? અંતે તો બધું અહીં મૂકીને જ જવાનું છે... તો આટલી માથાકૂટ શા માટે કરો છો!

પૈસાનાં ત્રણ કલંક છે... મોત પછી સાથે નહિ, મોત સુધી સાથે રહેશે જ એવો કોઈ કાયદો નથી. જિવનમાં જેટલો ટાઈમ સાથે રહેશે ત્યાં સુધી પ્રસન્નતા આપશે જ એવો કોઈ કાયદો નથી. જ્યારે અમારા જીવનની વાત કરું, મોત પછી પણ પ્રભુ મારી સાથે આવશે, મોત સુધી પણ પ્રભુ મારી સાથે આવશે, મોત સુધી પણ પ્રભુ મારી સાથે રહેશે અને જીવનમાં પ્રભુ સાથે છે એટલે ભરપૂર પ્રસન્નતા પ્રાપ્ત થઈ રહી છે... તેથી કહું છું... બધી જ પ્રસન્નતાને ખતમ કરી દે એવી સફળતાના માર્ગે ક્યારેય દોટ મૂકતા નહિ. મારો ગોલ નક્કી છે.. મારી મહાનતાને ડિસ્ટર્બ કરે એવી સફળતા સાધુજીવનમાં નહિ જોઈએ. તમે એટલું પ્રોમિસ આપી દો... સાહેબ બધું જ છોડી દેશું, પરંતુ પ્રસન્નતા નહિ. રામ અને રાવણ બન્ને તુલા રાશિના છે. છતાં તમને રામ પસંદ છે... રાવણ નહિ, એમ પૈસા અને પરમાત્મા બન્ને કન્યા રાશિના છે. એ બેમાંથી તમને શું પસંદ છે? સભા, પૈસા... તમારે શ્રીમંતાઈ જોઈએ છે કે પ્રસન્નતા જોઈએ છે? હું પ્રવચન છોડી શકું, પરંતુ પ્રસન્નતા નહિ, એમ તમે પદાર્થ છોડી શકો, પણ પ્રસન્નતા નહિ? સભાએ તાળી પાડી ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે મારે તમારી માત્ર તાળી નહિ જોઈએ, પરંતુ તમારી સંમતિ પણ જોઈશે... લાંબું જીવવું છે એના કરતાંય સારુ જીવવું છે એ નક્કી કરી દો... એક દિવસની રવિવારની રજા પણ તમે પ્રસન્નતાથી કાઢી શકતા નથી તો લાંબું જીવીને તમારે કરવું છે શું? સુખમાં આ દુનિયામાં ઘણાના નામ છે, પરંતુ પ્રસન્નતામાં તો કોઈકનું જ નામ હોય છે. તમારા પૈસાનો હું વિરોધી નથી, પરંતુ પ્રસન્નતાના ભોગે તો પૈસા હરગિજ ન જોઈએ. ટૂંકમાં જીવનનું સેન્ટર બનાવી દો આનંદ.

સારા માર્ગે પૈસા વાપરવા સહેલા છે, પરંતુ સાચા માર્ગે પૈસા કમાવવા કઠિન છે...

૨ઃ કૅરેક્ટર ઑફ લાઈફ :- સદાચાર, પવિત્રતા... તમારી ભાષામાં તમે કૅરેક્ટર કોને માનો છો? આ તો અહીં તમને આવા શબ્દો સાંભળવા મળે છે! બાકી બજારમાં કૅરેક્ટર શબ્દ ચૂંથાઈ ગયો છે. તમે બહુ પાછળ ચાલ્યા ગયા છો... દૃષ્ટાંત આપતાં આચાર્યશ્રીએ કહ્યું કે દિલ્હીમાં એક ૩૮ વર્ષની પાયોનર પેપરની લેડી પત્રકાર મને મળવા આવી, ઈન્ટવ્યૂ લીધો... દેશની અને બીજી ઘણી બધી વાતો વિસ્તારથી કરી... પછી છેલ્લે એણે મને પ્રશ્ન કર્યો... મહારાજસાહેબ તમે જે નીતિમત્તા અને સદાચાર-પવિત્રતાનાં ધારા-ધોરણની વાતો કરો છો એની બજારમાં માર્કેટ વેલ્યુ શું? પૂ. ગુરુદેવશ્રીની મારા પર પરમકૃપા હતી કે તરત મને જવાબ સ્ફૂરી ગયો... મેં કહ્યું, બહેન! બજારમાં 'મા'ની કોઈ માર્કેટ વેલ્યુ નથી હોતી. માર્કેટ વેલ્યૂ તો વૈશ્યાની જ હોય છે... આપણી 'મા' ગમે તેવી હોય, કપડાં ફાટેલાં પહેર્યાં હોય... મોઢામાંથી લાળ પડતી હોય... શરીર પર કરચલી હોય, વાળના ઠેકાણા ન હોય, છતાં એ 'મા' પવિત્ર જ કહેવાય છે... જ્યારે વૈશ્યા ગમે તેટલી સ્વચ્છ હોવા છતાં તે અપવિત્ર જ છે. આ સાંભળતાં જ એ લેડીની આંખ ભીની થઈ ગઈ. મહારાજસાહેબ હું હારી, તમે જીત્યા... હવે મારે એક પણ પ્રશ્ન પૂછવો નથી...! બજારમાં કોઈ પવિત્રતાની વાત નથી... નથી તમારા ઘરમાં પવિત્રતાની વાત અને નથી તમારા ખુદના જીવનમાં? શું કહું? તમે લોકોએ સ્મશાનમાંય નૈતિકતા ગુમાવી દીધી છે કોઈકનો ૨૮ વર્ષનો એકનો એક પુત્ર સળગી રહ્યો હોય ત્યારે પણ તમે મોબાઈલમાં શૅરબજારની ચર્ચા કરી શકો છો... ઠઠ્ઠામશ્કરી કરી શકો છો. કમસેકમ સ્મશાનમાં મોબાઈલ કોઈને કરવો નહિ અને આવે તો વાત કરવી નહિ, એટલું તો નક્કી કરી દો... આખી સભાએ અભિગ્રહ લઈ લીધો...

૩ઃ કૉન્ટ્રિબ્યુશન ઑફ લાઈફ :- જગતને-સમાજને તમારું યોગદાન શું? આ જીવનમાં ચાર ચીજનું યોગદાન

હોઈ શકે છે : (૧) શરીરનું (૨) શબ્દનું (૩) સમયનું (૪) સંપત્તિનું. તમારી સંપત્તિ બીજાનાં આંસુ લૂછવામાં વપરાય ખરી? આ દુનિયામાં તમને લોકો ઓળખે એમાં રસ છે કે ચાહે એમાં? સભા ચાહે એમાં, તો તમારે દાનના માર્ગે જવું જ પડશે... પછી એ શબ્દદાન હોય કે સમયદાન હોય તોય ચાલશે... પરોપકાર કરવામાં તમારું શરીર ઉપયોગી થાય. દષ્ટાંત આપતાં આચાર્યશ્રીએ કહ્યું કે... એક શ્રીમંત માણસની ફેક્ટરીમાં ૧૦૦ માણસ કામ કરી રહ્યા હતા. શેઠે એક વખત બધાને ભેગા કરીને એક શરત મૂકી કે ૪૦ વર્ષથી મારી એક આંખ નકલી છે એ જે કહી શકે એને ૫૦ હજાર રૂપિયાનું ઈનામ મળશે, પરંતુ જવાબ જો ખોટો પડશે તો એનો ૧૨ મહિનાનો પગાર હું કાપી નાખીશ. કોઈની પણ હિંમત ન ચાલી, પરંતુ એક મર્દનો બચ્ચો નીકળ્યો... શેઠ હું બતાવું? હા બતાવ! તમારી ડાબી આંખ નકલી છે... શેઠ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા... આને ખબર શી રીતે પડી? આજ સુધી આ વાત મેં કોઈને કરી જ નથી! શેઠે નોકરને પૂછ્યું, મારી ડાબી આંખ નકલી છે એની તને ખબર શી રીતે પડી? ત્યારે નોકરે કહ્યું, શેઠ! થોડીઘણી પણ કરુણા તમારી ડાબી આંખમાં દેખાય છે... બાકી અસલી આંખમાં તો એકલી ક્રૂરતા જ ભરેલી દેખાય છે... જૂઠું બોલશે તો ૧૨ મહિનાનો પગાર કાપી નાખીશ આ વાત તો ક્રૂર આંખ જ કરી શકે.

૪ : કમ્યુનિકેશન ઑફ લાઈફ :- તમે તમારા દીકરાને વેપારકુશળ જરૂર બનાવ્યો છે, પરંતુ વ્યવહારકુશળ જરાય નથી બનાવ્યો. તમે તમારાં દીકરા-દીકરીઓને સાક્ષર બનાવવાની સાથે સંસ્કારી પણ બનાવજો, સંસ્કાર આપ્યા વિના સાક્ષર બનાવવાની વાત રાક્ષસ બનવાની ભૂમિકા છે... બહુ નાના ઘરમાં મોટું કુટુમ્બ જેમ જોખમી છે, તેમ બહુ મોટા ઘરમાં નાનું કુટુમ્બ પણ જોખમી છે... વિજ્ઞાને સમય બચાવવાનાં ઘણાં સાધનો બનાવી દીધાં, પરંતુ સમયને પસાર કરવાનાં સાધનો બહુ ભયંકર બનાવી દીધાં છે. સમાજનાં તમારે બધાં જ કાર્યો કરવા છે, પરંતુ પરિવારના કોઈ કામ જ નથી કરવા, કેમ ચાલશે? બીજા બધાને ખુશ કરવા છે, પણ પરિવારને નહિ! પરિવાર પાછળ તમારું યોગદાન શું? આપણે ત્યાં સુખી કુટુમ્બનાં ચાર લક્ષણ બતાવ્યાં છેઃ (૧) ભોજન બધા સાથે કરતા હોય (૨) ભજન (પરમાત્માની ભક્તિ) બધા સાથે કરતા હોય (૩) ભ્રમણ (યાત્રા વગેરે) માટે બધા સાથે જતાં હોય (૪) અને ભાષણ (વાતચીત) બધા ભેગા બેસીને કરતા હોય. અમારા સાધુજીવનમાં આ ચારે ચીજ રોજ બને છે. તમે બધા ભેગા થઈને જમવા બેસો ખરા? સભાના... દર રવિવારે? ના... બધા બહાર ફરવા ચાલ્યા જાય છે... પૈસા પાછળની દોટે તમો સાચું સુખ ગુમાવી રહ્યા છો. આ ન ચાલે.

૫ઃ કમ્યુનિટી ઑફ લાઈફ :- જીવનમાં તમારે દોસ્તી કોની સાથે છે?

*નામ ચોખો રંગ, ચોખો ઉજ્જળ એનું રૂપ*
*કંકુ સાથે મેળ કરીને કંઈક નમાવ્યા ભૂપ*
*મગની સાથે મેળ કરીને ચોખો થયો બદનામ*
*નામ ખોયું રંગ ખોયો લોકે પાડ્યું ખીચડી નામ...પ્રાન્તે*

ભય દૂર કરવા માટે તમે પૈસા-પદાર્થ પાછળ દોડ્યા છો, પણ તમારા પૈસાએ તમારો ભય વધારી દીધો છે! આવું અનુભવવા છતાં પૈસા પાછળનું પાગલપણ છૂટતું નથી... કરુણતા જ છે ને? જેવી સોબત તેવી અસર થશે...

*હૃદયને જીવ ભરીને જીવવા દો બુદ્ધિને કહો બહુ બોલે નહિ.*

*સોનાની મૂર્તિને લોખંડના ત્રાજવામાં મૂકીને કદી કોઈ તોલે નહિ...*

હું ઈચ્છું છું તમારું કેન્દ્રબિંદુ નક્કી થઈ જાય, ચારિત્ર્ય તમારું નિર્મળ બની જાય, તમારું યોગદાન પરોપકારમાં લાગી જાય, વ્યવહાર તમારો શુદ્ધ બનતો જાય અને સજ્જન સંત સાથેની દોસ્તી બની રહે પછી અમનનું સરનામું જરાય દૂર નથી...

***સાભાર : કાઠિયાવાડી જૈન***

# કલ્યાણકારી ઔષધ લીમડો

**વૈદ્ય મનુભાઈ ગૌદાની**

આ ભૂલોકમાં ખરેખર જો કોઈને કલ્પવૃક્ષ કહેવું હોય તો તે છે, આપણો ''લીમડો''. ૩૩શાસ્ત્રીય ઉપચારોની જેમ લીમડાના ઘરગથ્થુ ઉપચારો પણ અગણિત છે. વળી લીમડો સર્વને માટે કલ્યાણકારી પણ હોય છે. આયુર્વેદમાં એટલે તેને ''સર્વતોભદ્ર'' નામ આપવામાં આવ્યું છે. લીમડાનું ચૈત્ર મહિનામાં વિશેષ મહત્ત્વ છે. ચૈત્ર મહિનામાં લીમડો પીવાનું મહાત્મય આપણા પૂર્વજોએ સ્થાપ્યું હતું. જે આજે ધીમેધીમે ઓસરતું જાય છે. એ મહાત્મ્યને ફરીથી યાદ કરાવવા માટે લીમડા વિશે થોડું નિરૂપણ કરું છું.

## ગુણધર્મો

લીમડાનું વૃક્ષ નહીં જોયું હોય એવી ભાગ્યે જ કોઈ વ્યક્તિ હશે. તેના ૪૦-૫૦ ફૂટ ઊંચા ઝાડ સર્વત્ર થાય છે એનાં ફળ (લીંબોળી) કાચા હોય ત્યારે લીલા અને પાક્યા પછી પીળા થઈ જાય છે. આયુર્વેદિય મતે સ્વાદમાં લીમડો કડવો અને તૂરો, પચવામાં હળવો ઠંડો, વ્રણ-ઘાની શુદ્ધિ કરનાર અને હૃદય માટે હિતકારી છે. તે કફ, સોજો, પિત્ત, ઊલટી, કૃમિ, હૃદયની બળતરા, કોઢ, થાક, અરુચિ, રક્તના વિકારો, તાવ અને ઉધરસને મટાડનાર છે. લીંબોળીનું તેલ કડવું તથા ગરમ હોય છે. તે હરસ-મસા, વ્રણ, કૃમિ, વાયુ, કોઢ, રક્તના વિકારો અને તાવને મટાડે છે.

તેની છાલમાં નિમ્બિન, નિમ્બિડિન, નિમ્બોસ્ટેરોલ ઉનડશીલ તેલ, ટેનીન, માર્ગોસિન નામનું કડવું ઘટક વગેરે રહેલા છે. લીંબોળીનાં તેલમાં કંધક, રાળ, ગ્લાઈકોસાઈડ તથા એક ક્ષાર રહેલો છે. આ તત્ત્વો તેના ઔષધિય ગુણો માટે મહત્ત્વના છે.

### ઉપયોગ

આપણા પ્રાચીન ઋષિ-મુનિઓએ આપણને એક નિયમ આપ્યો છે. ચૈત્ર મહિનામાં પવિત્ર મનથી લીમડાના કુમળા પાન અને ફૂલનું મરી, હિંગ, સિંધવ, જીરું, અજમો, આમલી અને ગોળ મેળવીને અવશ્ય સેવન કરવું જોઈએ.

આ મહિનામાં લીમડાના સેવનથી આખું વર્ષ શરીર નિરોગી રહે છે.

વ્રણ-ઘા, ગડગૂમડ, ચાંદી, સડો, વગેરે ચામડીના રોગો માટે લીમડાનું તેલ ઉત્તમ ઔષધ છે. ૧૦૦ ગ્રામ લીમડાના પાન લઈ તેને લસોટીને ચટણી પેસ્ટ જેવું બનાવી લેવું. પછી એ ચટણીની નાની નાની ટીકડીઓ બનાવી ૨૦૦ ગ્રામ તલ તેલમાં તળવી ટીકડીઓ લાલ રંગની થઈ જાય. એટલે તેલ ઉતારીને ગાળી લેવું. આ તેલમાં ઘાને સ્વચ્છ કરી રૂઝ લાવવાનો ઉત્તમ ગુણ છે. નહી રૂઢાતા ઘાને લીમડાના પાનના ઉકાળાથી સ્વચ્છ કરીને આ તેલવાળું રૂનું પોતું મૂકી પાટો બાંધી દેવો. થોડા દિવસમાં રૂઝ આવી જશે.


ગુલકંદની જેમ નિમ્બકંદ પણ બનાવાય છે. કાચની બરણીમાં ૫૦૦ ગ્રામ લીમડાના ફુલ અને ૫૦૦ ગ્રામ સાકરના વારાફરતી થર કરી દેવા. એમાં ૧૦૦ ગ્રામ મધ નાંખી રોજ થોડો થોડો સમય તડકામાં મુકતા રહેવું. વચ્ચે વચ્ચે હલાવતા રહેવું. એક મહિને નિમ્બકંદ તૈયાર થશે. આંખો, છાતી, હાથ-પગ તળિયાં વગેરેમાં બળતરા થતી તે પણ એનાથી મટે છે. પ્રસૂતા સ્ત્રીઓ માટે લીમડાના પાનનો રસ ખૂબ જ હિતકારી છે. પ્રસૂતિ પછી પહેલા દિવસથી જ સવાર-સાંજ બેથી ત્રણ ચમચી લીમડાના પાનનો રસ આપવાથી ગર્ભાશય ઝડપથી સંકોચાઈને તેની મૂળ સ્થિતિમાં આવી જાય છે. રક્તસ્ત્રાવ થતો અટકે છે. ગર્ભાશય અને તેની આસપાસના અંગોનો સોજો ઉતરે છે. તાવ આવતો અટકે છે ભૂખ સારી લાગે છે, અને ઝાડો સાફ આવે છે. આ ઉપરાંત લીમડાની સાથે બીજા ઔષધો પ્રયોજીને પંચગુણ તેલ. પંચગુણ તેલ, પંચનિમ્બાદિ ચૂર્ણ, નિમ્બાદિ ઘત, નિમ્બવટી નિમ્બ તેલ વગેરે ઔષધો બનાવવામાં આવે છે. જે બજારમાં તૈયાર મળી રહે છે.

# જેજેસી સેન્ટ્રલ બોર્ડ તથા ચેરિટેબલ ટ્રસ્ટ

૨૦૧, મથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૭. ફોન : ૬૫૭૨ ૬૬૩૬ ઈમેઈલ : admin@jainjagrruti.com

## હૃદયના દ્વારેથી ભાવાંજલિ

### સમાજમાં રહીને, સમાજના થઈને અનેરો સમાજ રચી ગયાં !



પ્રતિ,

પદમાબેન, અજયભાઈ તથા સમસ્ત ગોસલિયા પરિવાર

જેજેસી પરિવારના મોભી 'શ્રી ચીમનભાઈ ગોસલિયા' એટલે એ વ્યકિત કે જેઓએ વિશાળ અને વિસ્તૃત જૈન જાગૃતિ સેન્ટર પરિવારના પાયા રોપ્યાં હતાં...આજે ૧૬૫ જેટલાં સેન્ટર્સ (ભારતભરમાં તથા વિદેશમાં પણ) અને આશરે ૬૫,૦૦૦ પરિવારોને એક છત્ર નીચે લાવીને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા સમાજ ઉત્કર્ષ કરવામાં મહત્વનો રોલ અદા કરનારા જેજેસીના ફાઉન્ડર ચેરમેન શ્રી ચીમનભાઈ ગોસલિયાનો દેહવિલય થવાના સમાચાર જાણીને ખૂબ જ દુઃખની લાગણી થઈ છે.

તા. ૨૬ જુલાઈ, ૧૯૭૫માં 'જૈન જાગૃતિ સેન્ટર'ની સ્થાપના થઈ હતી કે જે આજે વિશાળ વટવૃક્ષ બન્યું છે. જેજેસીનો આરંભ, માવજત અને વિકાસ દિલોજાનથી કરીને સમાજની એકતા પ્રબળ કરવામાં શ્રી ચીમનભાઈનો ફાળો બહુમૂલ્ય રહ્યો છે. જેજેસી સેન્ટ્રલ બોર્ડ તથા સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટમાં પણ તેઓ સક્રિય રહ્યાં.

વ્યવસાયે તેઓ 'એડવોકેટ' હતાં અને ફાર્માસ્યુટિકલ વ્યવસાયને લગતાં અનેક કેસ તેમણે સફળતાથી ઉકેલીને પોતાના અસીલોને યશ અપાવ્યો હતો. ખંત, ખૂમારી અને ખાનદાની તેમના આભૂષણ રહ્યાં છે. વિલેપાર્લેમાં વયસ્ક નાગરિકો (સિનિયર સિટીઝન્સ) માટે કાર્યરત સંસ્થા 'વડલો'ની સ્થાપના કરીને સમાજના વયસ્ક નાગરિકોને મનગમતી અનેક પ્રવૃત્તિઓમાં જોડીને જાણે કે તેમને નવજીવન બક્ષ્યું. ગીત, સંગીત, સાહિત્ય ઉપરાંત પર્યટનો થકી સિનીયર સિટીઝન્સ સક્રીય રહીને જીવનસંધ્યાને માણી શકે એવા આયોજનો કરતાં રહ્યાં. શ્રી ચીમનભાઈના પ્રયાસો થકી વડલોના નેજાં હેઠળ સિનીયર સિટીઝન્સ માટે ભારતભરમાં અને વિદેશોમાં અનેક પ્રવાસોનું આયોજન તેમની યશકલગી સમાન છે.

શ્રી ચિમનભાઈએ સાચાં અર્થમાં જીવનને માત્ર જીવ્યું નથી પણ જીવી જાણ્યું છે. તેઓનું વિરમવું એટલે સમગ્ર જેજેસી તથા વડલો પરિવાર માટે એક મોટાં શુન્યાવકાશ સમાન છે. 'ગોસલિયા પરિવાર'ના આ મોભીને નતમસ્તકે ભાવાંજલિ આપતાં એટલું જ કહીશું કે તેમનું ઋણ કદાચ અમે ન ચૂકવી શકીએ પરંતું તેમણે ચાતરેલાં માર્ગ પર ચાલીને જેજેસી પરિવારને અમે સહુકોઈ વધુ મજબુત કરીશું અને એ જ સાચાં અર્થમાં તેમને અંજલિ હશે ! આપના પરિવારમાં સર્જાયેલો શુન્યાવકાશ તો પૂરી ન શકાય પરંતુ, અમે સહુ આપની આ દુઃખની ક્ષણોએ આપની સાથે જ છીએ.

લી. જેજેસી પરિવાર વતી,

સંજય બી. શાહ – ચેરમેન : જેજેસી સેન્ટ્રલ બોર્ડ

જીતેન્દ્ર એસ. કોઠારી – જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ


GUARANTEED
BEST PRICE
PACKAGES
EXPERIENCE EVERYTHING
LEAVE NOTHING...
LUXURIOUS ACCOMMODATIONS
BEST VEGETARIAN & JAIN MEALS
ALL POSSIBLE EXCURSIONS
INCLUDED
NO COMPROMISE !!! NO HIDDEN COSTS !!!
BEST TEAM OF DYNAMIC PROFESSIONALS
PERSONALIZED ATTENTION & METICULOUS PLANNING, MOST EXPERIENCED TOUR MANAGERS, BEST COACHES WITH KNOWLEDGEABLE GUIDES
BEST VEGETARIAN & JAIN CUISINE
SERVED IN AWARD WINNING RESTAURANTS, WITH NO COMPROMISE ON QUALITY & VARIETY (FRESHLY COOKED INDIAN, SOUTH INDIAN CUISINES, PIZZAS, CHAATS, INDIAN SWEETS, DESSERTS & MORE...)
BEST RESEARCHED ITINERARY
INCLUDES BEST ACCOMMODATIONS IN WORLD CLASS HOTELS, BEST EXCURSIONS, BEST ATTRACTIONS & MUST VISIT PLACES TO ENSURE YOU SEE IT ALL, NOTHING IS LEFT OUT & NOTHING IS OPTIONAL
DREAM EXPLORE TRAVEL AAA voyages
CANADIAN ROCKIES & ALASKA
ALSO CALL TO ENQUIRE FOR
DREAM EXPLORE TRAVEL AAA voyages
AUSTRALIA & NEW ZEALAND
Home to the world's most beautiful landscapes, stunning coastlines, fascinating cultures & spectacular cities
13 DAYS NEW ZEALAND
10 DAYS AUSTRALIA
SYDNEY . CAIRNS . TANGALOOMA . GOLD COAST . BRISBANE . AUCKLAND . ROTORUA . WELLINGTON . KAIKOURA. CHRISTCHURCH . MT.COOK . QUEENSTOWN . WANAKA
Thank you
Jain Jagruti Centre & Jain Social Group
for continuous support and trust...
Advt


JJC Sion Matunga
SRI LANKA
&
MALDIVES
DREAM EXPLORE AAA voyages TRAVEL
Home to the world's most beautiful landscapes, stunning coastlines & serene natural beauty
Departure 11th September, 2017
INDIA
BAY of BENGAL
Jaffna
Vavuniya
Anuradhapura
Kalpitiya
Minneriya
SRI LANKA
Pinnawela Elephant Sanctuary
Kandy
Colombo
Uda Walawe National Park
Benota
Hikkaduwa
Galle
Mirissa
INDIAN OCEAN
MALDIVES
Indian Ocean, South Asia
19th September to 22nd September, 2017
4 Days / 3 Nights
WATER VILLAS ACCOMMODATION
TAJ VIVANTA - CORAL REEF
Hembadhu island, Maldives
AAA voyages
AVANI DOSHI
16, Aashirwad Bldg, 4th Floor
Near Sion Circle, Sion (west), Mumbai - 400 022
+91 9867676760 avani@AAAvoyages.com
Advt

"પરસ્પર પરિચયથી પાંગરતો પરિવાર"

JAIN JAGRUTI CENTRE JJC

# જેજેસી-મલાડ

**મહેન્દ્ર એમ. પંચમીઆ -પ્રમુખ (મો. ૯૮૯૨૩૬૨૬૨૯)**

સ્થાપક પ્રમુખ : એસ. કે. શાહ * તત્કાલીન પ્રમુખ : પ્રફુલભાઇ ડી. શાહ

Celebrating of Silver Jubilee

25 YEARS

ચેતનભાઇ શાહ ૯૩૨૩૯૬૫૭૬૬ ✦ અમિતભાઇ કોઠારી ૯૦૦૪૮૦૦૦૦૧ ✦ વિરેન્દ્રભાઇ દામાણી ૯૮૨૦૨૭૮૦૩૬ ✦ દિલિપભાઇ શાહ ૯૩૨૨૨૧૮૭૦૩ ✦ મહેશભાઇ દેસાઇ ૯૩૨૨૨૭૯૬૮૯ ✦ દેવેન્દ્રભાઇ શાહ ૭૭૧૦૦૯૫૭૩૦ ✦ મિતીનભાઇ દોશી ૯૯૬૯૭૦૨૩૭૨

રજત જયંતિ વર્ષોત્સવ ★ રજત જયંતિ વર્ષોત્સવ ★ રજત જયંતિ વર્ષોત્સવ



**જેજેસી મલાડ સેન્ટર**ના **રજત જયંતિ મહોત્સવમાં જેજેસી સેન્ટ્રલ બોર્ડ** તથા **ચેરિટેબલ ટ્રસ્ટ**ના પદાધિકારીઓએ પધારીને મહોત્સવને ચાર ચાંદ લગાવી દીધા. સાથે તેઓએ મલાડ સેન્ટરને **રજત જયંતિ વર્ષ પ્રસંગે ટ્રોફી એનાયત કરી.** તેજ રીતે જેજેસી મલાડ સેન્ટરે પણ આવેલ દરેક મહાનુભાવોનું **સન્માનપત્ર** આપી બહુમાન કર્યુ. આ પ્રસંગે સહુ સભ્યોએ પણ સાથ સહકાર આપી પ્રસંગની શોભા વધારી તે બદલ સહુનો ખુબ ખુબ આભાર...

**૨૫ વર્ષ** દરમિયાન મલાડ સેન્ટરને નાના મોટા દરેક કાર્યમાં જેમણે પણ સેવા આપી જેમ કે હાલના તેમજ એક્સ કમિટી મેમ્બર્સ, કેટરર્સ, ટ્રાવેલર્સ, ઓડિટોરિયમ, સ્કૂલ તથા **પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાથ સહકાર આપનાર દરેક નામી-અનામી દાતાઓ** વગેરેને યાદ કરી **ટ્રોફી / સન્માનપત્ર / શાલ** દ્વારા તેમનું બહુમાન કરવામાં આવેલ હતું. મલાડ સેન્ટરનું આ કાર્ય ઘણા લોકો દ્વારા પ્રશંસાને પાત્ર બન્યુ. ખાસ તો આ **રજત જયંતિના કાર્યક્રમને કેતનકુમાર અને સાથી કલાકાર મલ્હારે** હીન્દી/ગુજરાતી ફિલ્મોના યાદગાર ગીતોની રમઝટ બોલાવી દરેક સભ્યોના મન ડોલતાં અને પગ થિરકતાં કરી દીધા હતા...




















Advt

# વસિયતનામું શા માટે સલાહભર્યું ગણાય?

■ કિશોર એમ. શાહ (સૉલિસિટર)

વસિતયનામું એક કાનૂની દસ્તાવેજ છે જેમાં એક વસિયત કરવા માગતી વ્યક્તિ (ટેસ્ટેટર) પોતાની ઈચ્છા વ્યક્ત કરે છે. આમ વસિયત કરનાર વ્યક્તિએ આ દસ્તાવેજમાં જણાવ્યા પ્રમાણે તેના વારસદારોમાં તેની મિલક્તનું વિતરણ કરવામાં આવે છે. આ વસિયત કરનારની ઈચ્છા મુજબ જ તેની અસ્ક્યામતનું વિતરણ કરવાની જવાબદારી એક્ઝિક્યુટર્સની રહે છે. આ વસિયતનામું તૈયાર કરતી વખતે એટલું જ ધ્યાન રાખવાનું કે તેમની ઈચ્છાનું અક્ષરશઃ અને પ્રામાણિકપણે પાલન થઈ શકે.

સુધારિત હિન્દુ કાયદા અનુસાર પરિણીત પુત્રીઓને પણ પિતાની મિલક્તમાં સમાન અધિકાર મળે છે. આથી દરેક હિન્દુ વ્યક્તિએ તેમના જીવનકાળ દરમિયાન વસિયત કરવી સલાહભર્યું છે. જો કોઈ હિન્દુ વ્યક્તિનું વસિયતનામું કર્યા વગર જ મૌત થાય તો તેમની મિલક્તનું હિન્દુ કાયદાની જોગવાઈઓ પ્રમાણે વિતરણ થશે. આથી જ દરેક વયસ્ક હિન્દુ વ્યક્તિએ તેમની ઈચ્છા મુજબ વસિયતનામુ તૈયાર કરી રાખવું જોઈએ, જેથી તેમની મિલક્ત પોતાની ઈચ્છા પ્રમાણે જ તેના વારસદારોને મળે આ વસિયતનામામાં પોતાની મરજી મુજબ મિલક્તની વહેંચણી કરાવનાર વ્યક્તિની નિમણૂક કરી તેનો ઉલ્લેખ કરવો જરૂરી છે, જેને કાયદાની ભાષામાં 'એક્ઝિક્યુટર્સ' કહેવાય છે. બને ત્યાં સુધી એક પુરુષ વ્યક્તિ તેમની પત્ની, પુત્ર અથવા પુત્રીનો 'એક્ઝિક્યુટર્સ' તરીકે ઉલ્લેખ કરતા હોય છે. આ વસિયત પર બે જવાબદાર વ્યક્તિઓનો પણ ઉલ્લેખ કરવો જરૂરી છે, જેનાં નામ અને સંપૂર્ણ સરનામાં સહિત વસિયત કરનાર (ટેસ્ટેટર)ની સહી નીચે તેમના હસ્તાક્ષર પણ કરવાના રહે છે.

'ટેસ્ટેટરે' (વસિયત કરનારે) વસિયતનામામાં હસ્તાક્ષર કરતી વખતે બે સાક્ષીઓની હાજરીમાં જ સહી કરવી કાયદાની દૃષ્ટિએ ખૂબ જ આવશ્યક બાબત ગણાય છે, કારણકે વારસદારોએ પ્રોબેટ મેળવતી વખતે આ બે સાક્ષીઓએ પોતાની સામે જ 'ટેસ્ટેટરે' સહી કરી હોવાની એફિડેવિટ રજૂ કરવાની રહે છે.

વસિયત કરનારે બક્ષિસમાં આપનારી મિલક્તમાં સામાન્ય વર્ણન કરવાને બદલે ચોક્કસ આંકડાકીય માહિતી મૂકવી જોઈએ, કારણકે ઘણી વાર 'એક્ઝિક્યુટર્સ' દ્વારા મિલક્તોના વિતરણ વખતે ટકાવારી ધોરણે વિતરણ કરવાની ફરજ પડતી હોવાથી આવી સામાન્ય નોંધને કારણે ઘણી વાર ગૂંચવણ અને મતભેદ ઊભાં થાય છે. જો ચોક્કસપણે વિતરણનું વર્ણન કરવામાં આવ્યું હોય તો આવો વિવાદ દૂર થઈ શકે છે.

વસિયતનામામાં ઓછામાં ઓછા એક 'એક્ઝિક્યુટર્સ'ની નિમણૂક કરવાની રહે છે અને તે 'એક્ઝિક્યુટર્સ' નાની વયના હોય તે સલાહભર્યું છે, કારણકે અનેક હિસ્સામાં મોટી વયના 'એક્ઝિક્યુટર્સ'ની નિમણૂક થવાથી 'ટેસ્ટેટર'ના મૃત્યુ પૂર્વે જ તેમનું મોત થઈ ગયું હોય છે. આવા કિસ્સામાં વસિયતનામાનું પાલન કરવું મુશ્કેલ બની જાય છે. વસિયતનામામાં સાક્ષી તરીકે જેમનાં નામ લેવાનાં હોય તે પણ નાની વયના હોય તે જરૂરી છે અને તે પણ એક સોલિસિટર અથવા ઍડવોકેટ અથવા ડૉક્ટર પર પસંદગી ઉતારાય તે હિતાવહ છે, કારણકે જો એક સોલિસિટર સાક્ષી હોય તો વસિયતનામું એક સંપૂર્ણ એ ખામીરહિત દસ્તાવેજ બની જાય છે, જ્યારે જો એક ડૉક્ટરે સાક્ષી તરીકે સહી કરી હોય તો વસિયત કરનાર વસિયતનામું કરતી વખતે દિમાગી અને શારીરિક રીતે તંદુરસ્ત હોવાનું આપોઆપ પુરવાર થઈ જાય છે.

વસિયતનામું સ્ટેમ્પ પેપર પર જ બનાવવું જોઈએ,

તેવી એક ખોટી માન્યતા પ્રચલિત છે. વસિયતનામું એક સામાન્ય પેપર પર પણ બનાવી શકાય છે. બીજી એક એવી પણ માન્યતા છે કે એક વાર વસિયત બનાવ્યા પછી તેને બદલી શકાતું નથી. હકીકતમાં 'ટેસ્ટેટર' ગમે ત્યારે વસિયતનામું બદલાવી શકે છે. જો મામૂલી ફેરફાર કરવા હોય તો 'ટેસ્ટેટર' મૂળ વસિયતનામામાં જ ફેરફાર કરી શકે છે અથવા નવા દસ્તાવેજ ઉમેરી શકે છે અને જો મોટા ફેરફાર કરવાના હોય તો જૂનું વીલ રદ કરી નવું વીલ બનાવવું હિતાવહ છે.

### વીલનું રજિસ્ટ્રેશન

જો 'ટેસ્ટેટર'ને તેમના મૃત્યુ પછી પરિવારમાં કાનૂની ઝઘડા થવાનો ભય સતાવતો હોય, જેમ કે તેમના હસ્તાક્ષરને તેમના પરિવારના કે અન્ય લાભકર્તાઓ દ્વારા પડકારવામાં આવે તેવો ભય હોય તો તેવા કિસ્સામાં વસિયત કરાવનાર વ્યક્તિ સબ-રજિસ્ટ્રારની કચેરીમાં જઈ વસિયતને સબ-રજિસ્ટ્રાર સમક્ષ જાહેર કરી શકે છે. આ રીતે આ રજિસ્ટ્રાર પાસે 'વીલ' જાહેર કરવાનો એક સૌથી મોટો લાભ એ છે કે ટેસ્ટેટરના મૃત્યુ બાદ તેમની સહી (હસ્તાક્ષર)ની યોગ્યતાને કોઈ વ્યક્તિ પડકારી શકતી નથી. આને સબ-રજિસ્ટ્રાર સમક્ષનું 'ઓપન વીલ' કહેવાય છે. આમાં 'વીલ'ની એક કૉપી સબ-રજિસ્ટ્રારને આપવામાં આવે છે અને મૂળ કૉપી 'ટેસ્ટેટર' પાસે રહે છે.

બીજા તબક્કામાં ટેસ્ટેટર તેમનું 'વીલ' સબ-રજિસ્ટ્રાર પાસે રજિસ્ટર કરાવી અને જમા પણ કરાવી શકે છે. વીલના કવર પરનું સીલ ટેસ્ટેટરના મૃત્યુ બાદ સબ-રજિસ્ટ્રારની સમક્ષ જ ખોલવામાં આવે છે. વસિયત કરનારને તેમના મૃત્યુ બાદ વારસદારોમાં કાનૂની તકરારનો ભય રહેતો હોય તો તેવા કિસ્સામાં 'વીલ' સબ-રજિસ્ટ્રાર પાસે જ જમા કરાવવું સલાહભર્યું ગણાય. કોઈ વ્યક્તિ ખાસ કરીને જ્યારે મોટી માત્રામાં સ્થાવર મિલકત ધરાવતા હોય તો તેમને માટે 'વીલ' તૈયાર કરવું અને દરેક સ્થાવર મિલકતનું વર્ણન કરી તેની ચોક્કસ વહેંચણીની નોંધ મૂકવી પણ સલાહભર્યું ગણાય, કારણકે આમ કરવાથી વારસદારો સરળતાથી 'પ્રોબેટ' મેળવી શકે છે. જોગવાઈઓ અનુસાર 'ટેસ્ટેટર્સ' (વસિયત કરનાર) તેની પોતાની માલિકીની અસ્કયામત મિલકતનો વીલમાં સમાવેશ કરી શકે છે. કોઈ મિલકત જેને વહેંચવાનો કોઈ કાનૂની અધિકાર પોતે ન ધરાવતા હોય તેનો પોતાના વીલમાં ટેસ્ટેટર સમાવેશ કરી શકતા નથી. એક હિન્દુ અવિભક્ત કુટુંબ અને વારસાગત મિલકત સંબંધમાં પણ તે માત્ર પોતાના અધિકાર પૂરતું જ વસિયતનામું બનાવી શકે છે.

---

## જૈન જાગૃતિ સેન્ટરના નવા સેન્ટરો ખોલવા બાબત...

ભારતભરના તથા પરદેશમાં વસતા સમગ્ર જૈનોને એક છત્ર નીચે લાવી જૈનોનો સામાજીક તથા રાજકીય ક્ષેત્રે અવાજ બુલંદ બનાવવા જૈન જાગૃતિ સેન્ટરની નેમને વધુ સફળ બનાવવા આપણા ધ્યાનમાં કોઈ એવું ક્ષેત્ર હોય જ્યાં જૈનોની વસતી સારા પ્રમાણમાં હોય અને ત્યાં જૈન જાગૃતિનું કોઈ પણ સેન્ટર ન હોય તો આપને વિનંતી છે કે આપ ત્યાં સેન્ટર ખોલવા પ્રયત્ન કરો અને તે વિષે જૈન જાગૃતિ સેન્ટરની ઑફિસે જાણ કરો.

સંપર્કઃ ૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.
ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬

લિ. સેક્રેટરી જનરલ
જૈન જાગૃતિ સેન્ટર, સેન્ટ્રલ બોર્ડ

# पिता की व्यथा

## महापुरुषो की वाणी से

n अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

एक गाँव में एक महाजन परिवार रहता था। उसके ३ लडके एवं एक लडकी थी। परिवार के मुखिया का नाम कान्तिलाल था, एवं पत्नी का नाम सुशीलादेवी था। महाजन व्यापार कर अपना गुजरान चला रहा था। यह परिवार सुखी, एवं जैनधर्मी था। साधु-सन्तों की सेवा में विशेष रूची थी। इस परिवार में तीनों लडकों एवं लडकी का अच्छी तरह से लालन-पालन हुआ था। लडकों के जन्म से लेकर पढाई, व्यापार, गृहस्थ जीवन में प्रवेश आदि सारे महत्त्व के कार्यो की जिम्मेदारी पिता ने अच्छी तरह से निभाई थी। लडकी का भी पढाई एवं शादी का कार्य ठीक ढंग से हुआ था। लडकी को अच्छी शिक्षा मिले, संस्कार मिले, पढ-लिखकर होशियार हो जाये, अच्छा संस्कारी ससुराल, परिवार मिले, अच्छा दामाद मिले, इन सारे कार्यो की जिम्मेदारी पिताने खूब अच्छी तरह से निभाई।

माँ बेटे को जन्म देती है, नव महीने उसे अपने उदर में रखती है, जन्म के बाद बचपन में उसें अपना दूध पिलाती है, लालन-पालन करती है, उसका ध्यान रखती है। यह सारा कार्य सुशीलादेवी ने खूब अच्छे तरीके से एवं हृदय से किया था। सुशीलादेवी क्या जग की सभी मातायें अपने बच्चों का इसी तरह निर्वाह करती है। इस कार्य से संसार में माता का स्थान प्रभु के निकट एवं अग्रगण्य माना जाता है। विश्व की कोई भी अच्छी वस्तु को माँ की उपमा दी जाती है। साहित्यकार भी माँ के विषय में लिखते हैं, बोलते हैं।

अब मैं आपको कान्तिलाल के परिवार की ओर ले जाता हूँ। कान्तिलालजी होशियार, बुद्धिशाली एवं संस्कारी थे। व्यवसाय अच्छा जमाया था। इस परिवार को पुण्य के उदय से सारी सुख-सुविधायें प्राप्त थीं। व्यापार बच्चों ने सम्हाल लिया था। पिता निवृत्ति की ओर बढ रहे थे। धर्म-आराधना करते जीवन आगे बढ रहा था। इस परिवार को संसार का सभी सुख प्राप्त था। सभी साथ में रहते थे और आनंद का अनुभव करते। बडे लडके का नाम रमेश, मझले का नाम सुरेश एवं छोटे लडके का नाम दिनेश था। अभी कान्तिलाल सेठ बूढापे की और आगे बढ रहे थे। तीनो लडके होशियार थे। पिता अपने व्यापार के स्थल पर लडकों के साथ जाते। सभी अपना अपना कार्य देखते, किन्तु बीच में लडकों से पिता कुछ प्रश्न करते तो बच्चों को अच्छा नहीं लगता। पिता अगर बेटे को अच्छी सलाह देते तो उन्हें पसंद नहीं। पिता चूपचाप मुक बनकर सारे कार्य देखते रहते। धंधे में किसी प्रकार की तकलीफ आये या घर में कोई परेशानी हो तो पिता पहले दुःखी होते हैं। अगर पिता की सलाह से कोई कार्य गलत हो जाये तो पूरा परिवार पिता का दोष देखने खडा हो जाता। ऐसे समय में सुशीलादेवी भी अपने बच्चों का साथ देती। पिता क्या करें, कहाँ जायें इस उम्र में? वह बच्चों से अलग रहने का सोंच भी नहीं सकता। बच्चों को छोडकर, परिवार को छोड कर कुछ भी करने को उसका मन नहीं करता क्यों कि घर में परिवारजनों का एवं बाहर समाज का डर उसे दिन-रात खाये जाता। बेटा जब छोटा होता है, तब पिता उसकी हर अच्छी-बुरी बात को सुनता है। उसे उंगली पकड कर चलाता है। उसकी हर जिद को पूरी करता है। पिता अपने बच्चें के हर छोटे-बडे कार्य को जिम्मेदारी से निभाता है, लेकिन इस समाज में एक पिता को क्या मिला। साहित्यकार कवि-लेखक भी उसके विषय में लिखने को तैयार नहीं। या तो वह अपनी सहनशक्ति बढाये, या बेटों के कहे भले-बुरे शब्द सुने अथवा वृद्धाश्रम पसंद कर ले। किन्तु जिस पिता का समाज में नाम होता है, वह अपनी एवं अपने परिवार की समाज में बेइज्जती सहन नहीं कर सकता और यही सोचकर वह चुप हो जाता है।

पिता हमेशा मन में सोचता है कि ३ लडकों में से कोई एक मेरे पास आये ५ मिनट के लिये, मेरे पास बैठे, एवं मुझसे प्रेम से सुख-दुःख की बाते करे। मेरा मन हलका हो जायेगा। लेकिन आज के बेटों को अन्य जगह बातें करने में घंटों का समय मिलता है, किन्तु पिता के पास बैठकर बात करने के लिये उसके पास ५ मिनट का समय नहीं। बाप की डरी - डरी आँखे अपने बेटे को हमेशा खोजती रहती हैं। एवं उसका हृदय बेटे से बात करने को उत्सुक होता है, तब मन उसे नकार देता है। वह फिर से सोचने लगता है कि में तो फुरसत में हूँ लेकिन मेरे बेटे व्यवसाय, घर एवं समाज के कार्य में व्यस्त हैं, फिर कभी फुरसत होगी तो बात कर लूँगा। कभी मन इस तरह सोचता है कि अभी बेटा आफिस से आया है, खाना खा ले फिर बात करूँ। फिर सोचता है थक गया होगा, सुबह बात कर लूँगा। देखते ही देखते लडका फिर कहीं व्यस्त हो जाता है। कहीं मिटींग में चला जाता है। देर रात आ कर सो जाता है। एक बुढा बाप भी सुबह के इन्तजार में सो जाता है और जब

सुबह होती है। वह पुनः अपने बेटे का इन्तजार करने लगता है। अभी उठेगा। नहा-धोकर आएगा। मैं उसे बुलाकर बीठाउँगा एवं बात करुँगा। नहा-धोकर बेटा आता है, तो बाप सोचता है, मेरे बेटे को भुख लगी होगी, नास्ता कर ले फिर बात करुँगा और इतना होते होते बेटा फिर से काम में व्यस्त हो जाता है। आफिस-फेक्ट्री चला जाता है। बुढे बाप की डरी आँखें सन्न रह जाती है और फिर रात का इन्तजार शुरु हो जाता है। इसी दुःखी मन से बाप अपने जीवन की गाडी को खींच कर चलाता है।

एक पिता क्या अपने बेटे का बचपन में लालन-पालन इसी उम्मीद से करता है, उसे बात बात पर बेटे झटक दे? बुढापे में उससे प्रेम से बात करने को राजी नहीं? उसे अपने ही घर में बार बार अपनों से जलील होना पडे? और यह सारा कान्तिलाल के परिवार में हो रहा था। बाप अधिक बीमार होता है तो उसे समाज के डरसे अस्पताल ले जाते हैं, लेकिन उसकी सेवा करने के लिये नर्स या आदमी रख दिया जाता है और बेटों को फुरसत नहीं। आसपास से लोग खबर पूछने आते हैं, तब बेटों को वहाँ रहना जरुरी होता है। उनसे बडी बडी बातें कर लेते हैं। पिता यह सब कुछ चुपचाप देखता रहता है, फिर भी उसके बेटों के प्रति स्नेह एवं आदर है। बचपन में बेटा अगर कपडे गंदे करता है तो बाप खुद उसे धोने के लिए उत्सुक हो जाता है। बेटे की हर गलती को पिता क्षमा कर देता है, तो बुढापे में बाप की गलती को बेटा क्यों नही चला लेता?

कहा जाता है के माँ के पास आँसुओ को समुद्र होता है, तो पिता के पास संयम की दीवाल होती है। माँ रो कर छुट जाती है, परन्तु धैर्य देने का काम पिता करता है। रोने से धैर्य देने के कार्य में ज्यादा मेहनत करनी पडती है। रोज हमें सुख देनेवाली माता याद रहती है, परन्तु जीवनभर के लिये जीवननिर्वाह हेतु व्यवस्था करनेवाले पिता को हम सहज में ही भूल जाते हैं। सब के सामने रो कर माता अपना दुःख व्यक्त कर सकती है, किन्तु रात को तकिये में मुँह छिपा कर सिसकियाँ लेनेवाला पिता होता है, वह अपनी व्यथा औरों के सामने कैसे रखे? अपने परिवार एवं बच्चों के लिए पिता को औरों के सामने रोने में शर्म लगती है, वह अपने आँसुओ को दबा लेता है। पिता जब बीमार होता है तो तुरन्त अस्पताल नहीं जाता। वो बीमारी के इलाज से नहीं डरता, किन्तु डॉक्टरने एक माह आराम के लिए कह दिया तो क्या करना, उसका पिता को डर रहता है, क्योंकि उसको घर चलानेकी एवं अपने बच्चों के परवरिश की चिन्ता होती है, पिता घर का अस्तित्व होता है। जिस घर में पिता होता है उस घर के तरफ कोई आँख उठाकर नहीं देखता है, क्योंकि घर का मुखिया जीवित है। पिता अगर कुछ भी नहीं करते है तो भी घर के मुखिया के पद पर रहते हुये सभी कार्यो को सम्हालते। पिता होता है तभी माता का अस्तित्व है। रोजिंदी जिन्दगी में हमें साधारण चोट आती है तो माता को ओह मा करके याद करते हैं, और भयंकर दुःख आनेवाला हो तो तब पिता ओह बाप याद आता है। ऐसे कर्मनिष्ठ पिता के प्रति बेटे अपने कर्तव्य को भूल जाते हैं, ऐसा ही कुछ हो रहा था कान्तिलाल के परिवार में।

घर में छोटी छोटी वस्तुओं के लिए बाप को लाचार होना पडता है। अगर कुछ कहे तो उसे सबके सामने जलील होना पडता है। अब कांतिलाल ने सब चला लेने की आदत डाल दी, किन्तु क्या बेटे कभी बाप नहीं बनेंगे? आज जो कान्तिलाल को सहना पड रहा है, क्या वह रमेश, सुरेश, एवं दिनेश के जीवन में नहीं होने वाला है? बुढापा उनको भी आनेवाला है, बेटे उनके भी बडे होनेवाले हैं। माता-पिता की सच्ची सेवा उनके पास बैठकर सुख-दुःख की बातें करना और उनके प्रति आदर बताना यानी बेटा हमेशा याद रखे कि आज मैं जो कुछ भी हूँ, वह पिता की बदौलत हूँ। उन्होंने हमारे लिए क्या कुछ नहीं किया होगा। बचपन में तेरी हर बात को सुननेवाला पिता आज क्यों तेरी दृष्टि का तिरस्कार बना है? लेकिन हम माँ को याद कर पिता को भूल जाते हैं। पाठक मित्रो, हम सब कहीं न कही किसी बाप के बेटे हैं। क्या हमने अपने पिता के प्रति कर्तव्यनिष्ठा निभाई है? साधु-सन्तो के कहने पर हम घर में माता-पिता के चरण स्पर्श करने की प्रतिज्ञा तो लेते हैं, परन्तु कितने बेटों ने प्रतिज्ञा निभाई है? सन्तो से प्रवचन सुन पिता के प्रति आदर क्षण भर के लिये आता तो है, किन्तु राम बनकर पिता के वचन का पालन किसने किया? बात बात में पिता को भला-बुरा कहनेवालें उनकी बात तो अनसुनी करनेवाले एवं उनके प्रति प्रेम-आदर एवं सत्कार को खोनेवाले बेटे से बाप क्या उम्मीद रखे? आज जो कुछ हो रहा है वह समाज के डर से हो रहा है। हमारे मन में बडों के प्रति कब आदर पैदा होगा? एक माता जिन खुबियां से अपने बेटे के प्रति कृतज्ञता निभाती है, पिता भी उसमें कहीं पीछे नहीं रहता है। बस दृष्टि बदलने की जरुरत है। अपने हृदय में पिता को स्थान मिले, इतना बहुत हो गया। आइये, चलें हम अपने विचारों को बदले। दृष्टि में परिवर्तन लाये एवं बडों के प्रति सदभावना दिखाये।

# પ્રભુ... પ્રેમનો સેતુ

n પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.

તમે શું કરો છો? પ્રભુને પ્રાર્થના કરો છો કે પ્રભુને પ્રેમ કરો છો? ક્યારેય પ્રભુને પોતાના બનાવ્યા છે? ક્યારેય પ્રભુને એટલા પોતાના બનાવ્યા છે કે સંસાર પારકો થઈ જાય?? ના!!

સંસારને પણ પોતાનો બનાવવો છે અને પ્રભુને પણ પોતાના બનાવવા છે. પ્રભુ કહે છે, સંસારમાં છો, સંસારની ફરજ નિભાવો, પણ એની વચ્ચે એક ટકો તું મને તારો બનાવ. નવ્વાણું ટકા હું તને મારો બનાવી દઈશ, કેમ કે મને મારા પ્રેમમાં, મારી કરુણામાં વિશ્વાસ છે.

પણ થાય છે શું? એ એક ટકામાં પણ આપણે ચહેરા પર મહોરું પહેરીને જઈએ છીએ. પરમાત્માની પ્રાર્થના અને ભક્તિમાં પણ ભાવ ઓછો અને સ્વાર્થ વધારે હોય છે. જો તમારી પ્રાર્થના, ભક્તિ કે સ્તુતિના શબ્દોમાં તમારો નિઃસ્વાર્થ પ્રેમ, અંતરનો ઉલ્લાસભાવ અને શ્રદ્ધા ભળી જાય તો તમારા હર એક શબ્દ મંત્ર બની જાય. શબ્દો એ તો માત્ર પદાર્થ છે અને એમાં ભળતાં ભાવ એ એનર્જી છે, સૂક્ષ્મ તાકાત છે. શબ્દોમાં જ્યારે સૂક્ષ્મ તાકાત ભળે છે ત્યારે એ પાવરફૂલ મંત્ર બની જાય છે.

પ્રભુના બનવા માટે મંત્રોની શક્તિ કામ કરે કે શબ્દો?? પ્રભુને પોતાના બનાવવા હોય તો મંત્રોની સૂક્ષ્મ તાકાત કામ કરે કે શબ્દોની સ્થૂળ શક્તિ??

સંસારમાં પણ કોઈ વ્યક્તિને પોતાની બનાવવી હોય તો શબ્દોમાં મીઠાશ, લાગણી, પ્રેમ, કેટલું બધું ભેળવવું પડે છે. જ્યારે પ્રભુને પોતાના બનાવવા માટે તો માત્ર પ્રેમ જ પૂરતો છે! માત્ર ભાવ જ પૂરતા છે.

શબ્દો ખાલી હોઠથી નીકળે, જ્યારે મંત્ર સમગ્ર અસ્તિત્વમાંથી પ્રગટ થાય. મંત્ર લેઝરથેરાપી જેવું વર્ક કરે. લેઝર શું છે? એક પ્રકારના સાઉન્ડ વૅવ્ઝ છે, અવાજના તરંગો છે અને એ અવાજના તરંગમાં કિડનીમાં રહેલા સ્ટોન્સને પણ તોડી નાખવાની, ચૂરચૂર કરી નાખવાની તાકાત હોય છે.

એમ મંત્રો પણ એક પ્રકારના અવાજના તરંગો છે અને એમાં જબરજસ્ત સૂક્ષ્મ તાકાત રહેલી છે. માટે જ દરેક ધર્મમાં મંત્રને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે અને દરેક ધર્મમાં શરૂઆત મંત્રથી થાય છે, દરેક શુભ કાર્યનો પ્રારંભ મંત્રોચ્ચારથી થાય છે.

પ્રભુને પોતાના બનાવવા હોય, પ્રભુના બનવું હોય કે પ્રભુની સ્તુતિ, ભક્તિ કે આરાધના કરવી હોય તો મંત્ર જ શ્રેષ્ઠ માધ્યમ છે. મંત્ર એ માઈક્રો સર્જરી કરે છે. મંત્ર આપણા અવગુણો અને કષાયની સર્જરી કરે છે. મંત્ર આપણી નૅગેટિવીટીને દૂર કરે છે.

મંત્ર એ પ્રભુને પ્રેમ કરવાની, પ્રભુની ભક્તિ કરવાની માસ્ટર કી છે, પ્રભુના બનીને પ્રસન્ન રહેવાનો ઉપાય છે.

જે પ્રભુના હોય તે સદા પ્રસન્ન હોય, જે પારકાના હોય તે સદા પીડામાં હોય.

પ્રભુને પ્રાર્થના કરવાની હોય કે પ્રભુને પ્રેમ કરવાનો હોય? પહેલા પ્રભુની આરાધના હોય કે પહેલા પ્રભુને પ્રેમ હોય?? પ્રભુના દરબારમાં જઈને પ્રભુને તિલક કરવાવાળા, પ્રભુને વંદન કરવાવાળા, પ્રભુની સ્તવના કરવાવાળા, પ્રભુને પ્રેમ કરવાવાળા હોય છે કે પ્રભુ પાસે સ્વાર્થથી જવાવાળા હોય છે? આજ સુધી પ્રભુ પાસે જઈને શુ કર્યું છે? પ્રભુ પાસે માગ્યું જ છે કે પ્રભુને આપ્યું છે?

પ્રભુ એ જ હોય જેમની પાસે ક્યારેય માગવું ન પડે, પ્રભુ એ જ હોય જે મનમનની વાત જાણનારા હોય, પ્રભુ એ જ હોય જે કહ્યા વગર જ સમજી જાય!

આપણી ખોટ એ છે કે આપણે પરમાત્માને આપણા જેવા જ માનીએ છીએ અને એટલે જ આપણે પરમાત્માની પાસે હાથ લાંબો કરીએ છીએ. જે પ્રભુને પ્રેમ કરતા હોય, એમણે ક્યારેય પ્રભુ પાસે હાથ લાંબો કરવો જ ન

પડે અને જો હાથ લાંબો કરવો પડે તો સમજવું કે પ્રભુને પ્રેમ કરતા નથી. પ્રભુ પાસે માગવા નહીં, અર્પણ થવા જવાનું હોય. જે પ્રભુને પ્રેમ કરતાં હોય, જે પ્રભુનાં ચરણ અને શરણમાં સમર્પિત હોય, તેની સંપૂર્ણ જવાબદારી પ્રભુની હોય. તેના બધા પ્રોબ્લેમ્સ સહજતાથી સોલ્વ થઈ જતાં હોય. **જેની પાસે પ્રભુ હોય, તેની પાસે સઘળું હોય.**

એક રાજા હતો. એને ચાર રાણી હતી. એક દિવસ રાજાને પરદેશ જવાનું થયું. રાજાએ ચારે રાણીઓને પૂછ્યું, તમારા માટે શું લઈ આવું. પહેલી રાણીએ કહ્યું, ત્યાં કપડાં ખૂબ જ સરસ મળે છે, તમે મારા માટે સરસ મજાનાં કપડાં લઈ આવજો. બીજી રાણીએ કહ્યું, મારા માટે ઘરેણાં લઈ આવજો. ત્રીજી રાણીએ કહ્યું, મારા માટે એ દેશની જે પ્રખ્યાત વસ્તુઓ હોય તે લઈ આવજો. ચોથી રાણીએ કહ્યું, તમે વહેલા આવી જજો.

થોડા દિવસ પછી રાજા પરદેશથી આવે છે. પહેલી રાણી માટે લાવેલાં કપડાં એના મહેલમાં મોકલાવે છે. બીજી રાણી માટે લાવેલાં ઘરેણાં એના મહેલમાં મોકલાવે છે. ત્રીજી રાણીની વસ્તુઓ એના મહેલમાં મોકલાવે છે અને પછી ઘણાંબધાં કપડાં, ઘરેણાં અને નવીનવી વસ્તુઓ લઈ રાજા ચોથી રાણીના મહેલમાં જાય છે.

ચોથી રાણીએ કાંઈ જ નહોતું માગ્યું છતાં તેને ત્રણે રાણીઓ જેવી વસ્તુઓ પણ મળી અને રાજા પણ મળ્યા. જેની પાસે રાજા હોય તેની પાસે બધું જ હોય. જેની પાસે રાજા હોય તેને માગ્યા વિના જ બધું મળી જાય. તેમ, જેની પાસે પ્રભુ હોય તેને ક્યારેય કાંઈ માગવું ન પડે, છતાં બધું મળી જાય. બસ, પ્રભુને પ્રેમ કરતાં આવડવું જોઈએ અને પ્રભુને સોંપતા આવડવું જોઈએ. એકવાર જે પ્રભુને સોંપાય જાય છે તે હળવો ફૂલ થઈ જાય છે, તે નિશ્ચિંત થઈ જાય છે.

પ્રભુ જેમ રાખે, તે બધું મંજૂર!! તું તારજે, તું ઉગારજે, તું રાખજે, તું સંભાળજે! મેં મારું બધું તને સોંપી દીધું છે.

આપણે પ્રભુને માનીએ છીએ, પ્રભુને પૂજીએ છીએ, પ્રભુનું નામ લઈએ છીએ, પણ પ્રભુને સોંપતા આવડતું નથી. જે દિવસે સોંપતા આવડશે, એ દિવસે સુખી થઈ જશો.

પ્રભુનાં ચરણમાં માથું નમાવતા આવડે છે, પણ પ્રભુનાં ચરણમાં માથું મૂકતાં નથી આવડતું. એકવાર જે પ્રભુનાં ચરણમાં માથું મૂકી દે છે, તેને ક્યાંય માથું મારવાની કે માથાકૂટ કરવાની જરૂર પડતી નથી.

**જે પ્રભુના હોય, તેના ચહેરા પર સદાય પ્રભુ જેવું સ્મિત હોય, પ્રભુ જેવી સૌમ્યતા હોય અને પ્રભુ જેવી પ્રસન્નતા હોય.**

જે દિવસે પ્રભુને પ્રેમ કરતાં થઈ ગયા, તે દિવસથી તમારું ઘર પણ પ્રભુનું ઘર થઈ જશે. જે ઘર પ્રભુનું ઘર હોય એ ઘરમાં પ્રેમ અને પ્રસન્નતા હોય, એ ઘરમાં પાવનતા હોય, એ ઘરમાં ભાર ન હોય!!

પ્રભુને એવો પ્રેમ કરો કે, તમારા મુખમાંથી નીકળતા દરેક શબ્દ મંત્ર બની જાય. તમારા ભાવમાં, તમારી ભક્તિમાં, તમારી શ્રદ્ધામાં પ્રભુપ્રેમ ભેળવી દો. એ તમારી તાકાત બની જશે. એ મંત્ર એક સૂક્ષ્મ શક્તિ બની જશે અને એ શક્તિથી જ્યારે અશક્ય પણ શક્ય બની જાય છે ત્યારે લોકો એને ચમત્કાર માને છે, કેમ કે સૂક્ષ્મ શક્તિની અસર જ એવી હોય છે.

ભોપાલની એક ફૅક્ટરીમાંથી વર્ષો પહેલાં ગૅસ લીકેજ થયો હતો, પણ એના રેડિયેશન્સની અસર આજે પણ વાતાવરણમાં જણાય છે. જાપાનના હિરોશીમા-નાગાસાકી પર એટમબૉમ્બ ફેંકાયો હતો અને બધું તારાજ થઈ ગયું હતું, તેના રેડિયેશન્સની અસર પણ હજુ વાતાવરણમાં ફેલાયેલી છે.

જેમ અણુબૉમ્બ નૅગેટિવ ઈફેક્ટ કરે છે, તેમ મંત્ર પૉઝિટિવ ઈફેક્ટ કરે છે. આ ચમત્કાર નથી, પણ સાઈન્ટિફિક છે. જેને એકવાર રેઈઝ, વૅવ્ઝ, ઓરા, એનર્જી અને વાઈબ્રેશન્સની પરિભાષા સમજાઈ જાય તેને માટે સહજ થઈ જાય.

માનો કે, તમારી પાસે કોઈ સદ્ગુરુ કે સત્પુરુષની આત્મસાત્ કરેલ મંત્રથી અભિમંત્રિત માળા છે, જેના કારણે તમારાં ઘણાં ન ધારેલાં કાર્યો થઈ જાય છે, તમારી રક્ષા થાય છે, તમને માન-સન્માન મળે છે.

તો એનું કારણ શું હોય છે?? તો એ હોય છે તે સદ્ગુરુનો પરમાત્મા પ્રત્યેનો પ્રેમ, શ્રદ્ધા, ભક્તિ અને સમર્પણતા, જેના કારણે એના શબ્દો મંત્ર બની જાય છે. એનાં વચન સિદ્ધ થઈ જાય છે અને એ આત્મસાત્ કરેલ મંત્રનો બ્રહ્મધ્વનિ, એ નાદ, એ સાદના તરંગો એ માળામાં પ્રવાહિત થાય છે, પછી એ માળા જ્યાં જેની પાસે હોય ત્યાં આસપાસમાં એ ધ્વનિના તરંગોની અસર પ્રસરે છે, એ મંત્રની સૂક્ષ્મ શક્તિ વૅવ્ઝરૂપે પ્રસરે છે અને એ વૅવ્ઝ તમારી આસપાસ આવતાં નૅગેટિવ અને અશુભ તત્ત્વોને દૂર કરી તમને સપોર્ટ કરે છે.

એવા કેટલાય પ્રસંગો જોયા છે, જેમાં જબરજસ્ત ઍક્સિડન્ટ થયો હોય, છતાં જેમની પાસે મંત્રથી અભિમંત્રિત 'માળા' હોય એ વ્યક્તિ આબાદ બચી ગઈ હોય. કોણે એને બચાવ્યા હોય, એ જ માઈક્રો એનર્જી, સૂક્ષ્મ શક્તિ!!

એવા કેટલાય લોકો છે જે કહે છે, મંત્રના જાપ પછી પરમાત્માની સ્તુતિ કરવાથી મારી લાઈફમાં ચેન્જિસ આવી ગયા છે. મારા સ્વભાવમાં ફરક આવી ગયો છે, લોકો હવે મને પ્રેમથી બોલાવે છે, મારો એટિટ્યૂડ પૉઝિટિવ થઈ ગયો છે.

મંત્રના પ્રભાવથી ઓરા શુભ થવા લાગે છે, ભાવ શુભ થવા લાગે છે, વિચારો શુભ થવા લાગે છે.

પ્રભુને માત્ર માનો જ નહીં, પ્રભુની માત્ર પૂજા ન કરો, પ્રભુને પ્રેમ કરો અને પ્રભુને સોંપતા શીખી જાવ.

સુખી થવાનો આ જ શ્રેષ્ઠ માર્ગ છે. સિદ્ધ થવાનો આ જ એકમાત્ર માર્ગ છે.

પ્રભુને પ્રેમ કરવો એ જ ધર્મ છે અને એના જેવો ઉત્તમ બીજો કોઈ ધર્મ નથી.

# દિવ્ય જ્યોતિ

આપણા અંતરના ઓરડામાં પરમકૃપાળુ પરમાત્માએ દિવ્યજ્યોતિ પ્રગટાવી પ્રકાશ પાથર્યો છે. આપણી ચેતનાને જીવંત રાખી છે.

દિવ્ય જ્યોતી પરમાત્માની પવિત્ર અને પ્રેરણાદાયી પ્રસાદી અને અનુપમ ભેટ છે. આપણા જીવનના અંત સુધી આ દિવ્યજ્યોતિ પ્રગટેલી રહે છે.

વિશ્વમાં સંખ્યાબંધ વિવિધ ધર્મો છે. દરેક ધર્મોના પાયાના સિદ્ધાંતો સારા અને સાચા હોય છે. દિવ્ય જ્યોતિ આપણને જીવમાત્ર પ્રત્યે કરુણા તથા માનવ કલ્યાણની ભાવના પ્રગટાવે છે. દિવ્ય જ્યોતિનું પ્રતિબિંબ દરેક ધર્મોમાં દેખાય છે.

દિવ્ય જ્યોતિ આપણા જીવનમાં વ્યાપેલ ગાઢ અંધકાર તથા ન ઓગળે તેવા અહંકારને દૂર કરે છે. દિવ્ય જ્યોતિ આપણા જીવનમાં પ્રેરણાદાયી પ્રકાશ પાથરે છે. આ પ્રકાશમાં આપણને સત્યની પ્રતિતી થાય છે. સત્ય ઈશ્વર છે, ઈશ્વર સત્ય છે. દિવ્ય જ્યોતિ દ્વારા પરમાત્માની કૃપા પ્રાણીમાત્ર ઉપર અનરાધાર વરસે છે. દિવ્ય જ્યોતિ આપણા અંતઃકરણ અને આત્માના અવાજનો પ્રગટ કરે છે! દિવ્ય જ્યોતિ માનવીનું જીવન ભવ્ય બનાવે છે. દિવ્ય જ્યોતિ દીવાદાંડી બની આરાધક અને સાધકને સિદ્ધ થવાનો મંગલમય માર્ગ બતાવે છે. દિવ્ય જ્યોતિ આપણા હૃદયકમળમાં બિરાજે છે અને આત્માના અવાજને હંમેશા ઉજાગર કરે છે.

દિવ્ય જ્યોતિના દર્શન ક્યાં થાય છે?

દિવ્ય જ્યોતિના દર્શન અને અનુભૂતિ આપણા અંતઃકરણમાં, કુદરતી સૌંદર્યોમાં, નૃત્ય કરતી નદીમાં, પંખીઓના મધુર કલરવમાં, સંગીતના સૂરોમાં, ખીણોની ખુમારીમાં, પર્વતોના શિખરોમાં અને ગુફાઓમાં, બાળકના નિર્દોષ હાસ્ય અને કિલકિલાટમાં, અનંત આકાશમાં, વિહાર કરતા વિશાળ વાદળોમાં, સૂર્યની રોશનીમાં, ચંદ્રની ચાંદનીમાં, ટમટમતા તારલાઓના પ્રકાશમાં, માનવતાના ટમટમતો દિવડાઓમાં, ઋતુઓની ઋજુતામાં, ઘૂઘવટા સાગરના મોજાઓમાં, સંતોની કરુણામાં, તથા કુદરતના કણકણમાં પરમાત્માની દિવ્ય જ્યોતિની ઝલક અને ઝાંખીના પાવન દર્શન થાય છે.

પરમકૃપાળુ પરમાત્મા પ્રાણીમાત્રના જીવનમાં પ્રગટેલી દિવ્યજ્યોતિ સદાય ઝળહળતી રાખે અને આપણું જીવન ઉજાગર કરે, એજ ભાવના, પ્રાર્થના અને અભ્યર્થના! ઈશ્વરનો આભાર.

*- સાભાર*

# "શંકા બાળે સોનાની લંકા"

પુષ્પા કિશોર ગાલા

**"શંકા કરીને બરબાદ થવું એના કરતા વિશ્વાસ કરી લુંટાઈ જવું વધારે સારું હોય છે."**

જ્યારે રાવણે સીતામાતાનું અપહરણ કર્યું અને લંકામાં ઉપાડીને લઈ ગયો અને એના ઉદ્યાનમાં રાખ્યા ત્યારે રામે લંકા પર ચડાઈ કરી અને વાનર સેનાનો સાથ મળ્યો અને એમાં હનુમાન પણ જોડાયા. એ રામના ભક્ત હતા અને એમણે લંકા પર ચડાઈ કરવા વખતે પુંછડે આગ લગાડી સોનાની લંકાને બાળવા માંડ્યા કારણ કે તેમને એવું હતું કે રાવણે સીતામાતા સાથે કોઈ કૃત્ય કર્યું હશે. પરંતુ રાવણને એક નિયમ હતો કે કોઈપણ સ્ત્રી એને તાબે ન થાય તો બળજબરી કરવી નહિ. એણે સીતામાતાને હાથ પણ ન લગાડ્યો હતો પરંતુ હનુમાનને શંકા હતી, સત્ય ખબર ન હતી.

એવી જ રીતે જ્યારે સીતામાતા અયોધ્યા પાછા આવે છે અને તેમને સારા દિવસો જાય છે અને સમય જતાં ખોળો ભરાવવાની વિધિ હોય છે અને ધોબીએ સીતામાતા પર શંકા કરી અને ધોબણ ને કહ્યું કે આ તો રામ છે જે સીતાને ઘરમાં રાખે છે. જે રાવણ પાસે રહીને આવી છે. જો હું હોઉં તો તને ઘરમાં ન રાખું આ શબ્દ રામે સાંભળ્યાં અને સીતામાતાને વનમાં મોકલી દીધા. આમ, આ શંકાનો કીડો કોઈને પણ શાંતિથી જીવવા દેતો નથી. તે માણસને કોતરી ખાય છે.

શક કરતા હક વધારે હોય એવા સંબંધો સારા પરંતુ અમુક સંબંધોમાં તો એટલા શક હોય કે જીવવું હરામ થઈ જતું હોય. શકમંદ વ્યક્તિ પોલીસની જેમ પ્રેમીપાત્રની ઉલટ તપાસ કરી હેરાન કરે છે અને આખરે એ પ્રેમીપાત્રને ગુમાવી બેસે છે. ફક્ત એના શંકાશીલ સ્વભાવના કારણે. પોતાના ડંખીલા અને વહેમીલા સ્વભાવના કારણે લાઈફ પાર્ટનરનું જીવવું હરામ કરી દેતા હોય છે. સામેનું પાત્ર સાવ નિર્દોષ હોય અને તેને મહેણા-ટોણા સંભળાવ્યા કરે એના પર ચોકીપહેરો ગોઠવે. વાહિયાત આક્ષેપો કરે, જાહેરમાં ઉપેક્ષા કરે અને ફોન પણ ચેક કરતા હોય અને વસ્તુ અને વાત પર પણ શંકા કરી સતત ટોર્ચર કરતા હોય અને એ પણ ખાલી અનુમાન લગાડીને. પરંતુ કહેવાય છે કે ઘણી વખત આંખે જોયેલું, કાને સાંભળેલું અને વિચારેલું ખોટું પણ હોય એના તો ઈતિહાસ પણ ગવાહ છે અને જૈન શાસ્ત્રોમાં પણ લખાયું છે એનું એક દ્રષ્ટાંતઃ

એક જૈનમુનિ સુભદ્રા સતીને ત્યાં ગૌચરી માટે પધારે છે. મુનિ યુવાન હોય છે અને સુભદ્રા પણ યુવાન હતી. આ જૈનમુનિની આંખમાં એક તરણું (કચરો) ફસાઈ ગયો હતો અને આંખ લાલ થઈ ગઈ હતી. આ સુભદ્રાએ જોયું પરંતુ જૈનસાધુને સ્ત્રી અડી ન શકે એટલે સુભદ્રાએ મુનિની આંખોનો કચરો એની જીભ વડે કાઢી આપ્યો. આ દ્રશ્ય દુરથી એના સાસુએ જોયું એમને કાંઈ ખબર હતી નહિ અને જુદો અર્થ લઈ ખરાબ આક્ષેપો કર્યા કે તું કુલટા છે અને જૈનમુનિ પણ ચારિત્રહીન છે. સાસુએ તો શંકાથી સાચુ ધાર્યું હતું પરંતુ સુભદ્રા તો સતી હતી અને એના સતીત્વથી દેવનું આસન ચલાયમાન થયું અને દેવે નક્કી કર્યું કે સુભદ્રાનો આળ મારે ઉતારવો. એમણે નગરીના દ્વારા બંધ કરી નાખ્યા રાજા ખૂબ જ મુંઝાયા ત્યાં આકાશવાણી થઈ કે જે સ્ત્રી ચારિત્ર્યવાન હશે એ કુવામાં સુતરના કાચા તાંતણે ચારણી બાંધી પાણી કાઢશે અને એ પાણી દરવાજા પર છાંટશો એટલે દરવાજા ખુલી જશે. રાજાએ ઠંઠેરો પીટાવ્યો અને સુભદ્રા તૈયાર થઈ ગઈ પરંતુ તેની સાસુ તેને જેમતેમ બોલતી હતી એણે ઉતર ન આપ્યો અને સુતર ના તાંતણે ચારણી બાંધી કુવામાંથી પાણી કાઢ્યું અને દરવાજા ખોલ્યા આ દશ્ય એની સાસુએ જોયું અને પગમાં પડી માફી માંગી.

કહેવાય છે ને કે કાનમાં સોનાના કુંડળ નહિ હોય તો

ચાલશે પરંતુ કાન ના કાચા ન હોવા જોઈએ. શંકાશીલ વ્યક્તિ કાનના બહુ કાચા હોય એટલે કોઈનું પણ સાંભળી શંકા કરે. ગર્ભમાં રહેલા બાળકના ટેસ્ટ કરાવે અને શંકા લાગે તો ગર્ભપાત કરાવે અને આવા લોકો કામવાળા, ડ્રાઈવર અને સ્ટાફ પર પણ શંકા કરીને વિશ્વાસ ન મુકી શકતા હોય. **''જેમ પ્રેમની કોઈ દવા નથી એમ વહેમની પણ કોઈ દવા નથી''**

હમણાં જ બાહુબલી પિક્ચર આવ્યું એમાં રાણીનો એ સગો પુત્ર ન હોવા છતાં રાણીને જીવથી પણ વ્હાલો હતો અને ખૂબ જ સારી પરવરીશ કરી હતી, પરંતુ એના પતિ અને સગા પુત્રે માતામાં શંકાના બીજ રોપી વહેમમાં અને વહેમમાં બાહુબલીને પિતાથી પણ વધારે હતા એવા કટ્ટપાના હાથે મરાવી દીધો. પછી સચ્ચાઈ સામે આવી ત્યારે રાણીને ભાન થયું કે મારાથી ખોટું થઈ ગયું, પરંતુ ત્યારે ખૂબ જ મોડું થઈ ગયું હતું આ તો ફિલ્મી સ્ટોરી છે. પરંતુ રીયલ લાઈફમાં પણ શંકાના લીધે ઘણા અનર્થો થઈ જતા હોય છે. શંકાનું સમાધાન કરવાથી ઘણા અનર્થો ટળી જાય છે અને બચી જવાય છે.

શંકાશીલ વ્યક્તિ બે મનવાળા હોય છે. એમના મનમાં ગડમથલ ચાલતી હોય છે અને આવા ટાઈમે એમને રોકાઈ જવું જોઈએ અને ઉતાવળીયો નહિ પરંતુ શાંતિથી નિર્ણય લઈ કાર્યમાં આગળ વધવું જોઈએ કારણ કે ઘણીવખત ઉપજેલી નાની શંકાથી મોટા મોટા કેશો ઉકેલાયા છે.

આપણી પ્રજાને વિજ્ઞાનમાં રસ નથી કારણકે આપણે આપણા બાળકને શ્રદ્ધા રાખતા શીખવાડીએ છીએ. પરંતુ શંકા રાખતા નહિ. શ્રદ્ધા કેળવવાથી સારા ભક્ત થઈ શકે પરંતુ સારા વૈજ્ઞાનિક થવા માટે તો શંકાની ટેવ પાળવી જોઈએ. શરૂઆતમાં શંકા અને પછી પ્રયોગ કરીશ. સાબિત થશે તો માનીશ. કારણ કે વિકાસ કરવા માટે શંકા જ ઉપયોગી છે. આપણે પશ્ચિમને ગાળો આપતા હોઈએ પરંતુ બધી જ એમની જ સગવડો ભોગવીએ છીએ આપણે તો પ્રાઈમસની પીન પણ નથી શોધી શક્યા.

વિજ્ઞાનનો મુળ પાયો છે સવાલ? એટલે કે તેના મુળમાં જવું એ કામ વિજ્ઞાન કરે છે. આપણે ૨૦૫૦માં શ્રેષ્ઠ દેશ થવું હોય તો દેશના બાળકોને વિજ્ઞાનમાં રસ લેતા કરવા પડશે તેમને શંકા કરતા શીખવવું પડશે. શ્રદ્ધા તો શીખવાની જ છે પરંતુ એમણે પોતા પર રાખવાની છે આત્મશ્રદ્ધા. તો જ તેમનું મગજ સાફ થશે અને દેશ અને સમાજ સ્વસ્થ થશે. અત્યારે ચારેબાજુ જ્ઞાતિવાદ, ધર્મવાદ અને દેવી દેવતાઓની ભરમાર વધતી દેખાય છે અને કેવળ ટી. આર. પી. વધારવા સીરીયલોને ચગાવવામાં આવે છે અને કુટુંબોને ખેદાન મેદાન કરતા દેખાડે છે આ બધી આધુનિકતા વૈજ્ઞાનિકતાને નુકશાન કરે છે માટે જ શંકા પર શ્રદ્ધા રાખતા શીખવાનું છે. ''પ્રશ્નો જ પ્રશ્નો.'' પડકાર જ વિદ્યાર્થીને બુધ્ધિવાન બનાવશે અને માટે જ અમુક કામો ફક્ત વૈજ્ઞાનિક મગજ જ કરી શકશે.

અંતમાં – ''વહેમ''

**સંબંધોમાં જ્યારે વિશ્વાસના વન.**
**જ્યારે વહેમના રણ બને**
**ત્યારે મૌનની આંખમાં અહેસાસ રડે**
**સંવેદનાની તરસને જવાની ચડે**
**જીવ ઝંખે લાગણીના વીરડા,**
**પણ અહિં તો ટોળાના બાવળ છળે**
**ઉપેક્ષાના કાંટા ફુલે, ઝંખના ના ઝાંખરા નડે**
**પછી તો આત્મવિશ્વાસ ને ય હાંફ ચડે**
**તો પણ – સામે આવીને કોઈ પુછે કે કેમ છો**
**તો આપણે કહીયે લીલા લહેર છે. અને**
**દુઃખી છીએ એમ માનો તો એ તમારો વહેમ છે.**

**ગરીબમાં ગરીબ પણ કરી શકે એવું મહાદાન એટલે ચક્ષુદાન**



**ચક્ષુદાન સાથે ત્વચાદાન પણ આપવાની ભાવના રાખો**

## BIO-DATA



**Name** : **VIDHI M. SHAH**
**DB/BT/BP** : 12-12-89 , 19:17 Mumbai (Santacruz)
**Height** : 5'4"
**Address** : 405, Devdarshan, Old Nagardas Road, Andheri (E), Mumbai - 400 069.
**Education** : BAF Graduate (RITHUMBARA COLLEGE) Fashion Designing (INIFD)
**Occupation** : Self Employed as a free lancer Fashion Designer.
Customized Styling & Fashion Retailer
**Religion** : Jain Shwetamber
**Native** : Surendranagar (Limbdi)
Lala Govind Family

**FAMILY BACKGROUND**

**Dadi/Dada** : Veenaben/Manikant Trambaklal Shah
**Grand Uncle** : Late Mugatlal T. Shah
Late Dalsukhlal T. Shah
(Eastern Agencies/Deepak D. Shah) 9820280566
**Father** : Milan Manikant Shah (Msc.)
: Pharmaceutical Business
Tradewel Corporation
M: 9322240935 (O) 28391197
**Mother** : Parul Milan Shah (B.com)
: M: 9930580858 (R) 40041811
**Sibling** : None
**E-mail** : tradewelcorp@gmail.com

**Maternal/Mosal Details**

**Native** : Limbdi, Saurashtra
**Religion** : Jain Sthanakvasi
**Nani/Nana** : Late Madhuben/Late Jayantilal Amulakh Maniar
**Grand Uncle** : Sureshbhai A. Maniar, Santacruz (W), Tel: 26048055 M: 9821019779

Advt.

***Looking for Suitable Match residing in Mumbai***

## BIO-DATA



**Name** : **VAIBHAV HASMUKHRAI THAKKAR**
**DB/BT/BP** : 10-3-1984 / 7:36 am / Ahmedabad
**Height** : 6 Ft / **Weight** : 72 Kgs.
**Res. Add.** : 201, Magadh, Neelkanth Kingdom Complex, Nathani Road, Near Railway Station Vidyavihar (W), Mumbai-86.
**E-mail id** : vaibhavthakkar2004@gmail.com
**Cell.** : 91-9892027120/022-25220284
**Complexion** : Fair/Handsome.
**Religion/Gnati** : Sthanakwasi Jain/Jamnagar & Halar Vishashrimali Mumbai
**Qualifications** : 1) MBA (Finance), from Prin. L. N. Welingkar Institute of Management & Research in June 2012.
2) B.E. (Information Technology) from Vivekanand Education Society's Institute of Technology in June 2006. 3) IIBA CCBA Certified Business Analyst, April 2015
**Employment** : Working as Senior Consultant at Wipro Technologies Ltd with the following:
1.Lloyds Banking Group (Oct 2016-Present)
2.Citibank(June 2012-Sep2016)
**Past Experience** : Earlier worked at Tata Consultancy Services Limited as Assistant Systems Engineer from March 2007 to Aug 10.
Hobbies : Movies, Dancing, Playing Guitar, Listening Music, Calligraphy Photography, Sports: Table Tennis, Tennis,Cricket & Badminton
**Interests** : Social Activities, Exploring new things in all arenas
**Parents** : Late Shri Hasmukhrai Nandlal Thakkar, B.E (Civil). Smt. Varsha Hasmukhrai Thakkar, B.A.
**Elder Brother** : Vishal H Thakkar, B.E (I.T),MBA (Finance) with JP Morgan. Married to Dr.Dinky Talsania (Physiotherapist) (Ghatkopar W)

Advt.

## BIO DATA



**Name** : **SNEHA S SHAH**
**DB/** : 23rd October 1985
**Height :** : 5'
**BT/BP** : 9: 10 AM, Bangalore
**Religion** : Jain (Dasashrimali Deravasi)
**Education** : Bachelors in commerce, Diploma in Interior Designing Crash course on Teaching techniques & currently pursuing Masters in Literature from IGNOU
**Occupation:** Tutor (High School Literature ICSE & ISC – class 8 to 12)
**Father** : Shrikant N Shah (9343422345)
**Mother** : Rashmi S Shah (9448205586)
**Sister** : Rachita S Shah
**Mosal** : Kamlesh P Shah (Bangalore)

ADVT.

## MATRIMONIAL

**Mumbai based Dashashrimali Deravasi Jain Family Invites Proposal for their well educated, good looking Son, 1984 Born (Issueless Divorcee), 5'7, CA working in a reputed company in Mumbai**

**Looking for a girl from cultured family**

**Contact**

**9324018756 / 8828417632**

**Email: siddharth1909@gmail.com**

ADVT.

## BIO DATA



**Name** : **BHAKTI PARESH MEHTA**
**DB/BT/BP** : 21 August 1991, 12:07 P.M Ahmadabad, Gujarat
**Height** : 5.00 feet
**Mobile** : +91 8050396284 **N. Place** : Bangalore
**Qualification :** B.com Graduate
**Occupation :** Teacher (Working at Presidency School, Bangalore )
**Religion** : Deravasi, Shwethambar Jain
**Father** : Paresh Khantilal Mehta (Business, Navin Silk House, Bangalore)
**Mother** : Shilpa Paresh Mehta (Homemaker)
**Brother** : 1 Brother Married
**Residence** : Paresh Khantilal Mehta +91 9480617872 D1-401, Shree Prakriti Apts, Tindlu Main Road, Kodigehalli, Bangalore – 560097. Tel-080- 23740333

ADVT.

## बिना दवाई के सरल और सचोट उपचार से, रजवाडी ठाठ से जीने की कला

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक ।

*नीचे की अल्टरनेटीव थेरेपी का उपयोग करके।*

मेरीडीयन मसाज थेरेपी ♦ एक्युप्रेसर थेरेपी ♦ पास थेरेपी ♦ बुहांग इनस्ट्रूमेंट ♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थेरेपी के विशेषज्ञ

*आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।*

Advt.

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

**Mob.: 9820002953 • Tel.: 022-24121234**

# લગનઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | ધૈર્ય મનીષ પારેખ, ૧૯-૪-૧૯૮૭, ૫'-૧૦''<br>M.BA Finance., | દશા સ્થાનકવાસી જૈન<br>રાજકોટ | (ઘર) (૦૨૮૧)૨૪૭૩૬૯૩<br>(મો) ૯૦૩૩૫૩૨૩૨૧ |
| ૨) | ચેતન હસમુખભાઈ શાહ, ૨૯-૭-૧૯૭૫, ૫'-૬''<br>B.Com., (છૂટાછેડા લીધેલ છે.) | દેરાવાસી જૈન<br>બોટાદ - બોરીવલી | (ઘર) –<br>(મો) ૭૫૦૬૬૩૯૯૩૭ |
| ૩) | વિશાલ હસમુખભાઈ શાહ, ૨૧-૯-૧૯૭૮, ૫'-૬''<br>B.Com., | જૈન દેરાવાસી<br>બોટાદ - બોરીવલી | (ઘર) –<br>(મો) ૭૫૦૬૬૩૯૯૩૭ |
| ૪) | પ્રિતેશ દિનેશકુમાર શાહ, ૧૪-૩-૧૯૭૯, ૫'- ૫''<br>H.S.C. (મંગળ છે) | વિજાપુર સત્તાવીસ વિશા.દેરા.જૈન<br>કુકડવાડા - વિરાર | (ઘર)૦૨૫૦-૨૫૦૨૯૮૯<br>(મો) ૯૮૨૦૪૩૪૪૩૦ |
| ૫) | ભાવિન હસમુખભાઈ શાહ, ૨૮-૧-૧૯૭૬, ૫'- ૯''<br>M.B.A., (મંગળ છે) | વિજાપુર સત્તાવીસ વિશા.દેરા.જૈન<br>માણસા - વિલેપાર્લે | (ઘર) ૨૬૧૪૯૯૬૯<br>(મો) ૭૦૪૫૫૯૦૩૦૪ |
| ૬) | પ્રણય સંજય શાહ, ૩-૧૨-૧૯૮૮, ૫'૯''<br>M.Com., – | દેરાવાસી જૈન<br>અંબાસણ - બોરીવલી | (ઘર) -<br>(મો) ૯૮૬૭૯૮૬૦૧૮ |
| ૭) | તેજસ ચંદ્રકાંતભાઈ ટિંબડિયા, ૨૫-૮-૧૯૮૨, ૫'-૧૧''<br>S.S.C., – સેલ્સ મૅનેજર | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>બિલખા (જૂનાગઢ) - વસઈ | (ઘર) ૯૩૨૧૨૨૯૯૭૮<br>(મો) ૯૩૨૩૧૭૯૧૦૦ |
| ૯) | વિરેન પ્રવિણચંદ્ર શાહ, ૧૫-૬-૧૯૭૭, ૫'- ૬''<br>B.Com, PGDCA, | ઝાલાવાડ દશા. સ્થા. જૈન<br>થાનગઢ - બોરીવલી | (ઘર) ૨૮૯૮૫૫૬૮<br>(મો) ૯૮૭૦૦૭૯૬૦૮ |
| ૧૦) | પરાગ હર્ષદરાય દફ્તરી, ૫-૫-૧૯૭૫, ૫'- ૭''<br>B.Sc, | દશા. સ્થા. જૈન<br>મોરબી - ડોંબીવલી | (ઘર) ૯૭૦૨૭૦૭૩૦૩<br>(મો) ૯૮૨૦૨૧૦૧૧૬ |
| ૧૧) | વિશાલ યશવંત મહેતા, ૧૩-૪-૧૯૮૬, ૫'- ૬''<br>B.Com, Software Diploma – નિર્દોષ છૂટાછેડા | દશા. સ્થા. જૈન<br>જોડીયા - કલકત્તા | (ઘર) ૨૪૯૯૬૫૫૦<br>(મો) ૯૮૩૬૮૪૭૦૮૪ |
| ૧૨) | અમિત જગતભાઈ શાહ, ૨૯-૫-૧૯૮૪, ૬'- ૦''<br>B.Com, M.CA, MIM, M.Com (Part I) | ઘોઘારી વિશા. જૈન<br>ભાવનગર - વિલેપાર્લે | (ઘર) ૨૬૭૧૨૨૨૮<br>(મો) ૯૯૮૭૭૬૬૭૮૮ |
| ૧૩) | ચિંતન હસમુખભાઈ શાહ, ૧૪-૪-૧૯૮૮, ૫'- ૬''<br>B.Com, | શ્વેતાંબર જૈન<br>અમદાવાદ - ભાવનગર | (ઘર) ૯૪૨૬૧૫૮૦૧૩<br>(મો) - |

## યુવતી

| નં | નામ, જ.તા., ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | ધ્વનિ ભરત શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭''<br>M.Com, | શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ<br>કઠોર (સુરત) - ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૨૮૧૨<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૨) | ધરા રાજેશ શાહ, ૨૯-૪-૧૯૮૬, ૫'-૬''<br>B.E. in IT | દેરાવાસી જૈન<br>મુંબઈ | (મો) ૯૮૩૩૮૮૦૫૫૦<br>(મો) ૯૭૬૯૧૧૨૩૭૨ |
| ૩) | ફેની આર. શાહ, ૧૭-૧૦-૧૯૮૮, ૫'- ૪''<br>ICSI, M.Com, B.M.S, - | ઘોઘારી વિશાશ્રીમાળી દેરાવાસી જૈન<br>ઘોઘા (ભાવનગર) - વિલેપાર્લા | (ઘર) ૨૬૧૧૫૪૨૫<br>(મો) ૯૯૨૨૮૯૨૪૨૯ |
| ૪) | કેતકી ઘેલાણી, ૫-૧૧-૧૯૮૨, ૫'-૧''<br>MSc 1st year - છૂટાછેડા | સ્થાનકવાસી દશા. જૈન<br>અમરેલી સૌરાષ્ટ્ર - કાંદિવલી | (મો) ૯૩૨૦૪૨૩૨૩૨<br>(મો) ૯૭૭૩૫૬૧૭૧૪ |
| ૫) | રૂચી અતુલ શાહ, ૨૭-૧-૧૯૯૨, ૫'-૦''<br>B.C.A. | સત્તાવીસ વાળા પોરવાળા જૈન<br>વલસાડ– હાલ-મુંબઈ | (મો) ૯૯૮૭૪૬૬૧૧૨ |


દરેક સંસ્થા અને ગ્રુપોને બતાડવા લાયક નંબર ૧ ફેમેલી નાટક
TEJRAJ
તેજસ ગોહીલ પ્રસ્તુત
ઇમ્તિયાઝ પટેલ લિખીત
અજિત ગોર
નિર્મીત - દિગ્દર્શીત
કોમેડી ક્વીન
લેડી અમિતાભ
પ્રતિમા ટી.
અભિનીત
ગુગલ ને પણ
ગોથે ચડાવે એવી
ઈન્ટરનેશનલ સાસુની
ઈન્ટેલીજન્ટ કોમેડી
વહુ Hi-Fi
સાસુ Wi-Fi
કલાકારો:
સ્મીતા પલાન્ડે
ભાવીશા ઠાકુર
જય પુરોહીત
કલ્પીત કલાવાડીયા
જય જાની
નીતીન સૌદાગર
તમે આજ સુધી
કોમેડીના બાપ જોયા હશે.....
હવે મનોરંજનની
મહારાણીની કમાલ જુઓ....
હાઈ-ફાઈ કોમેડી
દિલ ખોલીને હસો, પેટ પકડીને હસો,
હસતા હસતા જુઓ અને જોતા જોતા હસો
શો સંપર્ક : તેજસ ગોહીલ-9867675779


TEJRAJ
તેજસ ગોહિલ પ્રસ્તુત
અભિનયની રાણી
મનોરંજનની મહારાણી
કોમેડી ક્વિન
લેડી અમિતાભ
પ્રતિમા ટી.
અભિનિત
બા મારી બાહુબલી
વરસતા વરસાદમાં ગરમાગરમ ભજીયા જેવી કરૂપા કોમેડી
Coming Soon...
Show Contact 9867675779


"મુંબઈ સમાચાર રોમેરોમ ગુજરાતી અભિયાન પ્રેરીત"
રોમાન્સના રસમાં ભીંજવતી
સ્માઈલીંગ કપલ કથા
નિર્માતા :
નીલેશ દવે
સંજય છેલ
કબીર પ્રોડક્શન
છેલ પ્રોડક્શન
તેજસ ગોહિલ
પ્રસ્તુત
લેખક - દિગ્દર્શક :
સુરેશ રાજડા
લવ યુ, બ્યુટીફૂલ!
કલાકારો :
સંતુ રાજડા, શેતલ,
જય ભટ્ટ, દેવેન રાઠોડ, પાર્થ ઝવેરી
સુરેશ રાજડા અને અભય હરપળે
કલા : છેલ-પરેશ
સંગીત : રૂમી બારીયા
પ્રકાશ : ભૈતેશ વ્યાસ
ધડકનમાં ધબધબાટી બોલાવી દેતું
અફલાતુન નાટક
શો સંપર્ક : 9867675779

Advt.

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26/6/2017
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2016-2018

# જેજેસી બોરીવલી

## જેજેસી બોરીવલી દ્વારા આયોજીત સેન્ટ્રલ યુરોપ ટુરનું ૩૦ મે થી ૯ જૂનનું અદ્‌ભુત આયોજન "TRAVEL TAG" ટુર કંપની દ્વારા કરાવવા બદલ અમો આભારી છીએ



## જેજેસી બોરીવલી

Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057.
Editor : **CHANDRAKANT F. SHAH**